જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

# જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । શુક્રવાર । તા. ૦૧-૩-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૪ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)


### પાકિસ્તાન વડાપ્રધાને સંસદમાં જણાવ્યુઃ શાંતિ સ્થાપવા માટે આ મુક્તિ કરાશે

# પાકિસ્તાન ઘૂંટણિયેઃ ભારતના વિંગ કમાન્ડર અભિનંદન આજે પરત ફરશે

ન્યુ દિલ્હી

પાકિસ્તાન સંસદમાં પાકિસ્તાનનાં પ્રધાનમંત્રી ઈમરાન ખાને નિવેદન આપતાં જણાવ્યું કે, 'ભારત તરફથી પાકિસ્તાનને ડોઝિયર મળ્યું છે. પાકિસ્તાનની પાર્લામેન્ટમાં ઈમરાન ખાનની શાંતિ માટેની કાકાદુલી જોવાં મળી. ગઈ કાલે મેં ભારતનાં વડાપ્રધાનને ફોન કરવાનું વિચાર્યું હતું. મેં વર્તમાન સ્થિતિને લઈને ફોન કરવાનું વિચાર્યું હતું. શાંતિ મુદ્દે ભારત પાકિસ્તાનને સપોર્ટ નથી કરતું.

પાકિસ્તાન ક્યારેય પરમાણું હુમલાની ધમકી આપતું નથી. જો કે સંસદમાં ઈમરાન ખાને મહત્વનું નિવેદન આપતા જણાવ્યું કે, પાકિસ્તાન આવતી કાલે પાયલોટને પરત કરશે એટલે કે છોડી મૂકશે. પાક.નાં કબ્જામાં રહેલા વિંગ કમાન્ડરને આવતી કાલે પરત કરાશે. સાથે સાથે સંસદમાં નિવેદન આપતાં જણાવ્યું કે, ઈમરાન ખાન પોતે પીએમ મોદી સાથે વાત પણ કરશે. શાંતિનાં પ્રતિક રૂપે વિંગ કમાન્ડરને છોડાશે તેવું ઈમરાન ખાને જણાવ્યું. નોંધનીય છે કે ૨૬ ફેબ્રુઆરીના રોજ ભારતે પાકિસ્તાનના કબ્જા હેઠળના કાશ્મીરમાં બાલાકોટ ખાતે જૈશના કેમ્પ પર એરસ્ટ્રાઈક કરીને તેને નેસ્તાનાબૂદ કરી દીધો હતો.



ત્યારબાદ બુધવારે પાકિસ્તાન એરફોર્સે એલઓસી નજીક ભારતીય લશ્કરી છાવણીને નિશાન બનાવવા પ્રયાસ કર્યો હતો. પાકિસ્તાના જેટને ભારતીય વાયુસેનાએ સફળતાપૂર્વક પરત ખદેડ્યા હતા અને વળતા હુમલામાં પાક.નું એક F-16 વિમાન તોડી પાડ્યું હતું. દરમિયાન આ હવાઈ ગતિવિધિમાં ભારતનું એક મિગ-૨૧ વિમાન પણ નષ્ટ થયું હતું અને પાઈલટ એલઓસીને પેલે પારથી મળતા પાકે. ધરપકડ કરી હતી. વિંગ કમાન્ડર અભિનંદનને પાકિસ્તાનના સ્થાનિકોના આક્રોશનો નીડરતાથી સામનો કર્યો હતો અને આર્મીની તાલીમ મુજબ હથિયાર વગરના નાગરિકો પર કોઈજ પ્રકારનો હુમલો કર્યો નહતો. બાદમાં એક વીડિયોમાં વિંગ કમાંડર અભિનંદન સ્વસ્થ અને બહાદુરીથી જવાબ આપતા જણાયા હતા. પાક.ના કબજામાં રહેલા વાયુસેનાના અધિકારીને તાત્કાલિક પરત કરવા ભારતે માંગ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચે ભયંકર તણાવ વ્યાપી રહ્યો છે. આ સ્થિતિમાં પણ પાકિસ્તાન કાવાદાવા રચવામાંથી બહાર નથી આવી રહ્યું. હવે તેને એક નવો જ પેંતરો રચ્યો છે. પાકિસ્તાનના વિદેશ મંત્રીએ ભારતના વિંગ કમાન્ડરને છોડવાના બદલામાં શરત મુકી હતી. જોકે ભારતે આ શરતને એક જ ઝાટકે ફગાવી દીધી હતી. સાથે જ ભારતે પાકિસ્તાનને તેના કબજામાં રહેલા વિંગ કમાન્ડરને સુરક્ષીત અને સત્વરે પરત કરવાનું સ્પષ્ટ કર્યું છે. સાથે જ ભારતે ધમકી આપી હતી કે જો વિંગ કમાન્ડરને કંઈ પણ થશે તો ભારત કાર્યવાહી કરશે. પાકિસ્તાન કંદહાર પ્લેન હાઈજેકિંગ જેવુ દબાણ ઉભી કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. પરંતુ ભારત કોઈ પ્રકારની સોદાબાજી કરવાના મુડમાં બિલકુલ નથી.

**ભારત અમને કમજોર ના સમજે,બંન્ને દેશો વચ્ચે તણાવ ઘટાડવા અમે મોદી સાથે ફોન પર વાત કરવાના પ્રયાસ કર્યા હતાઃ ઈમરાન ખાન**

### વડાપ્રધાને નેશનલ સાયન્સ-ડેના કાર્યક્રમમાં સંબોધન કર્યું

## આ તો માત્ર પાયલટ પ્રોજેક્ટ છે હજુ રિયલ તો બાકી છેઃ મોદી



ન્યુ દિલ્હી

વડાપ્રધાન મોદીએ વિજ્ઞાન ભવનમાં શાંતિ સ્વરૂપ ભટનાગર પુરસ્કાર દરમિયાન વૈજ્ઞાનિકોને સંબોધન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે હમણાં જ એક પાયલોટ પ્રોજેક્ટ થઈ ગયો છે. આ માત્ર પ્રેક્ટીસ હતી રિયલ તો હજુ બાકી છે. વડા પ્રધાને આ નિવેદન આપ્યું ત્યારે વૈજ્ઞાનિકોએ તાળીઓના ગડગડાટથી તેમને વધાવી લીધા હતા.

તેમણે કહ્યું, "નેશનલ સાયન્સ ડે અંતર્ગત તમારી વચ્ચે આવવાની તક મળી છે. તમે હમણા જ એક પાયલોટ પ્રોજેક્ટ પુરો કર્યો છે. પરંતુ દેશનો એક પાયલોટ પ્રોજેક્ટ હમણા જ શરૂ થયો છે. તમે એવા સંશોધનનો કરો જે દેશને ઉપયોગી થાય. તમારી ઉપલબ્ધીઓનો દેશને ગર્વ છે. વૈજ્ઞાનિક લેબોરેટરીમાં જીવન વિતાવે છે, સૌથી વધુ ત્યાગ તેમનો પરિવાર કરે છે, તેથી હું તમારા પરિવારનું તાળી પાડી સન્માન કરવા માગીશ. તમારા સંશોધનનોનો લાભ પેઢી દર પેઢી મળે છે. જય જવાન, જય વિજ્ઞાન અને જય કિસાન જય અનુસંધાન નવા ભારતનો નારો છે." વડા પ્રધાને વધુમાં કહ્યું, "હું વિજ્ઞાનને લોકો જરૂરિયાત સાથે જોડાવાના વિચારોનો આગ્રહી છું. અમારી સરકાર આ દિશામાં કઈકને કઈક કરતી રહેછે. ભારત વિશ્વની સૌથી ઝડપથી ઊભરતી અર્થ વ્યવસ્થા છે. આ સ્થિતિમાં આપણે સાયન્સ ટેકનોલોજી અને ઈનોવેશનને જનતા સાથે જોડી તેને લોકોની આકાંક્ષા અનુસાર બનાવવું જોઈએ. ઉલ્લેખનીય છે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સંબોધનની થોડીક ક્ષણો પહેલાં જ દેશને એક સારા સમાચાર મળ્યા હતા.

## પાકિસ્તાનના જુઠ્ઠાણાની પોલ ખુલી, પીઓકેમાંથી મળ્યો એફ-૧૬ લડાકૂ વિમાનનો કાટમાળ



ન્યુ દિલ્હી

પાકિસ્તાનની પોલ આખરે ખુલી ગઈ છે. પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાંથી પાકિસ્તાનના લડાકૂ વિમાન F-16નો કાટમાળ મળી આવ્યો છે. પાકિસ્તાનના આ વિમાનને ભારતીય વાયુસેનાએ તોડી પાડ્યું હતું. આ વિમાને રાજૌરી વિસ્તારમાં ભારતીય સરહદમાં ઘૂસણખોરી કરી હતી. જે બાદમાં ભારતે કાર્યવાહી કરતા મિગ-૨૧થી આ વિમાનને તોડી પાડ્યું હતું. પાકિસ્તાની વાયુસેનાનું આ વિમાન પાકિસ્તાન અધિકૃત કાશ્મીર એટલે કે PoKમાં પડ્યું હતું. જે તસવીર સામે આવી છે તેમાં જોઈ શકાય છે કે પાકિસ્તાની સૈનિકો કાટમાળની તપાસ કરી રહ્યા છે. આ તસવીરની સાથે જ પાકિસ્તાનની પોલ ખુલી ગઈ છે. કારણ કે પાકિસ્તાન સતત દાવો કરી રહ્યું છે કે અમારું કોઈ જ વિમાન તૂટ્યું નથી.

## પાકિસ્તાન વિરૂદ્ધની કાર્યવાહીમાં અમે ભારતની પડખે : અમેરિકાનું ખુલ્લું સમર્થન



ન્યુ દિલ્હી

પુલવામામાં સીઆરપીએફ કાફલા પર થયેલા આતંકવાદી હુમલા બાદ પાકિસ્તાનની ધરતી પર જૈશ-એ-મોહમ્મદના ઠેકાણાઓ પર ભારતીય વાયુસેનાની એર સ્ટ્રાઈકને અમેરિકાએ યોગ્ય ઠરાવી છે.

જૈશના આતંકવાદી કેમ્પો પર ભારતની એર સ્ટ્રાઈકના નિર્ણયનું અમેરિકાએ સમર્થન કર્યું છે. જાણવા મળ્યા મુજબ બુધવારે મોડી રાતે અમેરિકાના વિદેશ મંત્રી માઈક પોમ્પિયોએ ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત દોવલ સાથે વાત કરી અને આ દરમિયાન અમેરિકાએ ભારતના નિર્ણયનું સમર્થન કર્યું. અગાઉ અમેરિકાએ ભારત અને પાકિસ્તાન વચ્ચે વધી રહેલી તંગદીલીથી ચિંતિત થઈને બંને પરમાણુ સંપન્ન દેશોને તણાવ ઓછો કરવા તુરંત પગલાં લેવાની અપીલ કરી હતી.




MARKET 4U™

આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનો

ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો

માત્ર રૂપિયા ૬૦૦૦/-

સાથે મેળવો ત્રણ વર્ષ ઓનલાઇન જાહેરાતની સુવિધા

અન્યને સમજાવો તો વધારાની આવક પણ ખરી જ.

તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત



GPS Market

RV-04

- Geo Fence
- Overspeed Alarm
- Mileage Statistics
- 5M Accuracy (95%)
- ACC Ignition Detection
- OTA Firmware Upgrade
- Over Voltage Protection
- Built In Battery 160 mA/H
- Tele-Cut Off (Petrol/ Electricity)
- Data In Buffer (in GPS Blind Area)
- GSM Module : QUECTEL M26
- GPS Module : GTOP GT-1612-UB7X




For Demo - Go to play store
Download - GPSMARKET
User id : demo - password : 123456

ધનંજય ઝવેરી તમામ શહેરોમાં એજન્સી આપવાની છે.

Mo. 7575006847

# ભાવનગર નગરપાલિકાનો એન્જીનીયરને ૬૫ હજારની લાંચ લેતા એસીબીએ રંગે હાથ ઝડપી લીધો

**ભાવનગર નગરપાલિકામાં કરાર આધારિત કામ કરતા એન્જીનીયર હાર્દીક પટેલે મકાનના પ્લાન પાસ કરવા લાંચ માંગતા જાગૃત નાગરિકે એસીબી ને જાણ કરી**

ભાવનગર નગરપાલિકામાં કરાર આધારિત એન્જીનીયર તરીકે કામ કરતા હાર્દિક પટેલે એ એક જાગૃત નાગરિક કે જે વલ્લભીપુરમા શીવાલય બીલ્ડર્સની પેઢી થી મકાનો/દુકાનોનુ બાંધકામ કરતા હોય અને શીવાલય બંગ્લોઝ નામની સ્કીમમા ૫૦ બંગ્લાનું બાંધ કામ ચાલુ હોય જે મકાનના બાંધકામના પ્લાન મંજુર કરવા એક મકાનના પ્લાનના સરકારી ફી મુજબ રૂ.૪૦૦ થી ૫૦૦ થાય છે પરંતુ આરોપીએ ફરીયાદી પાસે એક મકાનનો પ્લાન પાસ કરવાના રૂ.૭૫૦૦/- લેખે કુલ રૂ.૩,૭૫,૦૦૦/-ની લાંચની માંગણી કરેલ જે રકઝક ના અંતે રૂ.૨,૯૦,૦૦૦/- આપવાના નક્કી થયેલ જે પૈકી રૂ.૨,૨૫,૦૦૦/- બે હપ્તે આપી દીધેલ હોય અને બાકીના રૂ.૫૦,૦૦૦/- મકાન પ્લાન પાસ કરવાના તથા રૂ.૧૫,૦૦૦/- દુકાનોના પ્લાન પાસ કરાવાના મળી કુલ રૂ.૬૫,૦૦૦/- ની લાંચની માંગણી કરતા જે ફરીયાદીશ્રી લાંચના રૂ.૬૫,૦૦૦/- આપવા માગતા ન હોય જેથી આ કામના ફરીયાદીશ્રીએ એ.સી.બી.પો.સ્ટે. ભાવનગરનો સંપર્ક કરતા આજરોજ લાંચનુ છટકુ ગોઠવતા આરોપી લાંચની રકમ સ્વીકારી પકડાઈ જતા ટ્રેપ કરનાર અધિકારી ભાવનગર એસીબી પીઆઈ ઝેડ. જી.ચૌહાણ એ તેની સામે કાયદેસર કાર્યવાહી કરતા અન્ય લાંચીયોમાં ફફડાટ ફેલાયો હતો ત્યારે આ ટ્રેપમાં એસીબી ભાવનગરની ટીમના રાજેન્દ્રસિંહ રાણા, દિવ્યરાજસિંહ ગોહિલ, મહિપતસિંહ ગોહિલ, માલાભાઈ ભરવાડ, ડી.કે બારૈયા, કમલેશભાઈ વાઘેલા સહિતના સ્ટાફે પીઆઈ ઝેડ. જી.ચૌહાણ સાથે સફળ ઓપરેશન પાર પડ્યું હતું.

# કચ્છ કલેક્ટર રેમ્યા મોહનના અધ્યક્ષસ્થાને બાળ સુરક્ષા સેમિનારનું આયોજન કરાયું

ભુજ

જિલ્લાના મુખ્ય મથક ભુજ મધ્યે ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટી ગાંધીનગર, જિલ્લા બાળ સુરક્ષા એકમ તથા યુનિસેફના સંયુક્ત ઉપક્રમે જિલ્લા કલેક્ટર સુશ્રી રેમ્યા મોહનના અધ્યક્ષ સ્થાને ''બાળ સુરક્ષા'' અંગેનો એક દિવસીય સેમીનાર યોજાયો હતો. આ સેમિનારમાં બાળકો સાથે સંલગ્ન વિભાગના અધિકારીઓ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહી માર્ગદર્શન કર્યું હતું.

આ સેમિનારમાં બાળ સુરક્ષા, બાળકોના અભ્યાસ, સ્થળાંતર વખતે સ્કુલમાં દાખલ કરવામાં પડતી મુશ્કેલીઓ, અગરિયા સબંધી પ્રશ્નો-વિગેરેની ચર્ચા તેમજ નિવારણ સબબના ઉપાયો ચર્ચવામાં આવ્યા હતા. સેમિનારની શરૂઆતમાં જિલ્લા બાળ સુરક્ષા અધિકારી પી.ટી.જાડેજા દ્વારા આ સેમિનારના આશય વિષે વિસ્તૃત સમજ આપી હતી. ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટીના પ્રોગ્રામ મેનેજરશ્રીએ ગુજરાત લેવલે થતી કામગીરી વિષે અને યુનિસેફ ગુજરાતના ચાઈલ્ડ પ્રોટેક્શન સ્પેશ્યાલીસ્ટ વેદ પ્રકાશ ગૌતમે યુનિસેફ દ્વારા બાળકો અંગે થતી કામગીરી વિષે સમજણ આપી હતી.

બાળ કલ્યાણ સમિતિના ચેરપર્સન દીપાબેન લાલકા, જુવેનાઈલ જસ્ટીસ બોર્ડના સભ્ય રેશ્માબેન ઝવેરી, સ્પેશિયલ જુવેનાઈલ પોલીસ યુનિટના નોડેલ અધિકારી, ડીવાય એસ.એસ.પી. (હે.ક્વા.) જે.કે. જયસ્વાલ, ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેક્શન સોસાયટીના પ્રોગ્રામ મેનેજરશ્રી ઈન્દ્રજીતસિંહ ચૌહાણ, યુનિસેફના ગુજરાતના ચાઈલ્ડ પ્રોટેક્શન સ્પેશ્યાલીસ્ટ વેદ પ્રકાશ ગૌતમ, સમાજ સુરક્ષા અધિકારી એ.પી. રોહડિયા હાજર રહ્યા હતા. સેમિનારના બીજા સેશન્સમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી પ્રભવ જોષી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી સંજય પરમાર, આઈ.સી.ડી.એસ.ના જાગૃતિબેન જોષી એ બાળ સુરક્ષા અને આરોગ્ય સબબના પોતાના મંતવ્યો રજુ કર્યા હતા.

સેમિનારમાં બાળકો સાથે સંલગ્ન વિભાગો જેવા કે, સ્પેશીયલ જુવેનાઈલ પોલીસ યુનિટ, જિલ્લા શિક્ષણ વિભાગ, જિલ્લા પ્રાથમિક શિક્ષણ વિભાગ, ફોકિયા, આઈ.સી.ડી.એસ., આરોગ્ય, કચ્છ મહિલા વિકાસ સંગઠન, અભિયાન, રૂરક્ષ તથા અન્ય એન. જી. ઓ. ના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. આ સમગ્ર પ્રોગ્રામનું સંચાલન સુરક્ષા અધિકારી (બિન સંસ્થાકીય સંભાળ) રવીન્દ્ર પ્રજાપતિ તેમજ કૃતિબેન લહેરુ એ કર્યું હતું તેમજ આભાર વિધિ પુનીતભાઈ નથવાણી-સુરક્ષા અધિકારી (સંસ્થાકીય સંભાળ)એ કરી હતી. સેમિનારને સફળ બનાવવા માટે જિલ્લા બાળ સુરક્ષા એકમના તમામ કર્મચારીઓએ સહયોગ આપ્યો હતો તેવું જિલ્લા બાળ સુરક્ષા અધિકારી, ભુજ-કચ્છ દ્વારા જણાવાયું છે.

# પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન યોજના માટે દાતાઓ આગળ આવ્યા

**પ્રથમ ૧૦૦૦ લાભાર્થીઓનું પ્રિમિયમ ભરી અપાશે**

ભુજ

પ્રધાનમંત્રી શ્રમયોગી માનધન યોજના હેઠળ અસંગઠ્ઠીત કારીગરો માટેની પેન્શન યોજના અમલી કરવામાં આવેલ છે. જેમાં જેઓની માસિક આવક રૂ.૧૫૦૦૦/- થી ઓછી હોય તથા ૧૮ થી ૪૦ વર્ષની ઉંમર સુધીના સભ્યો આ યોજનામાં લાભ લઈ શકશે. જેના માટે દરેક સભ્યએ પોતાનો આધારકાર્ડ, મોબાઈલ નંબર તથા બેંકની પાસબુક આર.ટી.ઓ કચેરી-કચ્છ-ભુજ, મોટર વાહન નિરીક્ષકની કચેરી, ગળપાદર રોડ- ગાંધીધામ, કચ્છ જિલ્લા ટ્રક ઓનર્સ એસોસિએશન, નળવાળા સર્કલ પાસે, કિશાન લોજ પાછળ, માધાપર હાઈવે-ભુજ-કચ્છ સ્થળોએ રજુ કર્યેથી ત્વરીત તેઓને લાભાર્થીનો કાર્ડ કાઢી આપવામાં આવશે.

વધુમાં જણાવવાનું કે, જે તદન આર્થિક રીતે નબળી ૧૦૦૦ વ્યકિતઓનું વિવિધ દાતાઓ તરફથી પહેલું પ્રિમિયમ ૨૫૦ જેટલી વ્યકિતનું પ્રિમિયમ આર.ટી.ઓ કચેરી-ભુજ સ્ટાફ તરફથી, ૨૫૦ વ્યકિતનું પ્રિમિયમ નવઘણભાઈ આહિર, કચ્છ જિલ્લા ટ્રક ઓનર્સ એસોસિએશન, ભુજ તરફથી, ૨૫૦ વ્યકિતનું ભુજ મોટરીગ પબ્લીકના પ્રતિનિધિ ઉંમરભાઈ સમા, હિમાંસુગોર, દામજીભાઈ આહિર તથા સંજુભાઈ રામાનુજ તરફથી અને ૨૫૦ વ્યકિતનું ગાંધીધામ મોટરીંગ પબ્લીકના પ્રતિનિધિ મુસાભાઈ સમા, રાજેશભાઈ કોટક, યોગેશભાઈ વેદાંત અને બી.એ. શાહ તરફથી તરફથી ભરી આપવામાં આવશે તેવું પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, ભુજ-કચ્છ દ્વારા જણાવાયું છે.

# ખેડા જિલ્લામાં તા.૧૦ માર્ચ ૨૦૧૯ના રોજ પોલિયો રસીકરણ કાર્યક્રમ

નડિયાદ

ભારત સરકારશ્રી પોલિયો નાબૂદ હાંસલ કરવા કટીબધ્ધ છે, જેના સંદર્ભે સને ૧૯૯૫ થી બાળ લકવા નાબૂદ અભિયાન ચલાવવામાં આવે છે. ૧૯૯૫ થી શરૂ કરવામાં આવેલ પોલિયો રસીકરણ કાર્યક્રમમાં જનતાના સાથ–સહકાર તથા સહયોગથી આપણે પોલિયો મુક્ત ભારત માટે ધારી સફળતા મેળવેલ છે તથા આપણા દેશમાં છેલ્લો પોલિયોનો કેસ વર્ષ ૨૦૧૧ માં પશ્ચિમ બંગાળ રાજ્યમાં જોવા મળેલ સમગ્ર વિશ્વમાં માત્ર પાકિસ્તાન તથા અફગાનિસ્તાનમાં જ પોલિયોના કેસ હાલમાં જોવા મળે છે.

ધનિષ્ઠ પલ્સ પોલિયો ઈમ્યુનાઈઝેશન કાર્યક્રમ અન્વયે દર વર્ષે નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે ઉજાવવામાં આવે છે. આ વર્ષમાં તા.૧૦ માર્ચ ૨૦૧૯ને રવિવારના રોજ નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે ઉજવવામાં આવનાર છે. તદ્અનુસાર જિલ્લાના વિવિધ સ્થળોએ પોલિયોના કાર્યક્રમને સફળ બનાવવા માટે કુલ ૧૧૭૩ બુથ ધ્વારા ૦ થી ૫ વર્ષની વયના અંદાજીત ૩,૨૪,૩૯૭ બાળકોને પોલિયો વિરોધી રસીના ટીપા પીવડાવવામાં આવશે. સધન પલ્સ પોલીયોની આ ભગીરથ કામગીરીમાં કુલ ૪,૬૮૮ બુથ ઉપરના કર્મચારીઓ ૨૩૪ સુપરવાઈઝરશ્રીઓ ૪૬ મોબાઈલ ટીમ તેમજ ૭૨ ટ્રાન્ઝીસ્ટ ટીમ સેવાકીય ફરજો બજાવશે.

આથી તમામ ૦ થી ૫ વર્ષની વયના અગાઉ રસી લીધેલ હોય તો પણ તેમજ બાળક બીમાર હોય તો પણ આપના વહાલ સોયા બાળકને ૧૦ માર્ચ ૨૦૧૯ ને રવિવાર ના રોજ નજીકના પોલીયો રસીકરણ બુથ પર લઈ જઈ પોલીયો વિરોધી રસીના ટીપા અવશ્ય પીવડાવવા ખેડા જિલ્લાની જાહેર જનતાને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો. ડી.સી.જાગાણી ધ્વારા જાહેર વિનંતી કરવામાં આવે છે.

# રાજયમંત્રીશ્રી વાસણભાઈ આહિર કચ્છના પ્રવાસે

ભુજ

રાજયમંત્રીશ્રી વાસણભાઈ આહિર તા.૨/૩ થી ૫/૩ સુધીના ૪ દિવસના કચ્છ જિલ્લાના પ્રવાસે આવી રહયા છે. તેઓ ૨જીએ સવારે ૧૦.૩૦ કલાકે ટાઉનહોલ, અંજાર મધ્યે વિજય વિશ્વાસ બાઇક રેલી કાર્યક્રમમાં હાજરી આપશે. બાદ બપોરે ૧૨ કલાકે પીજીવીસીએલ, અંજાર ખાતે વીજ બિલ માફી અંગેના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

ઉજીએ સવારે ૧૦.૩૦ કલાકે શેઠશ્રી ડુંગરશી સ્કુલની બાજુમાં, અંજાર ખાતે નગરપાલિકા આયોજિત વિવિધ યોજનાઓના ખાતમૂહૂર્ત કાર્યક્રમમાં હાજરી આપશે. બાદ ૧૧.૩૦ કલાકે ક્ષેત્રપાળ હનુમાન મંદિરની બાજુમાં, અંજાર ખાતે અખિલ કચ્છ વહિવંચા બારોટ સમાજ આયોજિત સમુહલગ્નમાં ઉપસ્થિત રહેશે. ૪થીએ સવારે ૯ કલાકે વડાપ્રધાનશ્રીના કાર્યક્રમ માટે આરક્ષિત રહેશે. બાદ ૨૦ કલાકે સંતશ્રી મેકરણદાદાનો અખાડો, ધ્રંગ મુકામે શિવરાત્રી મહોત્સવ કાર્યક્રમમાં હાજરી આપશે. પમીએ સાંજે ૧૭ કલાકે પોલીટેકનીશ કોલેજ, ભુજ મુકામે રમત-ગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિના વિભાગ આયોજિત કિટ વિતરણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

**સુધીર બી.પટેલ આઇ.એ.એસ. જિલ્લા મેજીસ્ટ્રેટ ખેડા-નડીઆદની કોર્ટમાં**

# મા-બાપ અને વરિષ્ઠ નાગરિકોના ભરણપોષણ અને કલ્યાણ બાબત અધિનિયમ-૨૦૦૭ હેઠળની વિવાદની અરજી

**વરિષ્ઠી નાગરિકો પોતાનું જીવન સુખ અને શાંતિથી પોતાના ઘરમાં વિતાવી શકે તે માટે કલેકટરશ્રી સુધીર પટેલનો હુકમ**

નડિયાદ

અરજદારશ્રી મનુભાઇ છોટાભાઇ પટેલ ઉ.વ.૭૮ તથા કોકીલાબેન મનુભાઇ પટેલ ઉ.વ.૭૧ બંન્ને રહે.લખુજીની ખડકી, મુ.પલાણા તા.વસો જી.ખેડાઓએ મા-બાપ અને વરિષ્ઠ નાગરિકોના ભરણપોષણ અને કલ્યાણ બાબત અધિનિયમ – ૨૦૦૭ હેઠળ ભરણપોષણ અને પોતાના માલિકીના મકાનનો કબજો મેળવવા માટે વિવાદની અરજી જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીને કરેલ હતી. જેથી બંન્ને પક્ષોને રૂબરૂ સાંભળી સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, નડીઆદનાઓએ તા.૧૯/૭/૨૦૧૮ના બંન્ને એપેલન્ટસને માસિક રૂા. ૫૦૦૦/- ચુકવવાનો હુકમ કાયમ રાખી અને અરજદારશ્રીનું માલિકીનું મોજે વસો તા.પલાણા ખાતેનું ઘર તેઓને પરત સોંપવાનો જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી સુધીર.બી.પટેલ ધ્વારા તા.૧૮/૦૨/૨૦૧૯ ના રોજ હુકમ કરેલ છે. જેથી વરિષ્ઠ નાગરિકો પોતાનું જીવન સુખ અને શાંતીથી પોતાના ઘરમાં વિતાવી શકે અને ગૌરવ પૂર્વક જીવન જીવી શકે.

# નડિયાદ ખાતે વીજ વિતરણ કંપની દ્વારા માફી યોજાના અંતર્ગત માફી મેળાનું આયોજન

**ખેડૂતો, ગ્રામ્ય વિસ્તારના ગરીબ અને મધ્યમ વર્ગના વીજ ગ્રાહકો અને શહેરી વિસ્તાનરના બી.પી.એલ. લાભાર્થીઓને વિશેષ રાહત - નડિયાદ સર્કલના ૧૭ હજારથી વધુ ગ્રાહકોને યોજનાનો લાભ મળશે - તા.૩૧ મે ૨૦૧૯ સુધી આ યોજનાનો લાભ મેળવી શકાશે**

નડિયાદ

રાજય સરકાર દ્વારા વીજ બીલની લ્હે ણી રકમની વસૂલાત માટેની માફી યોજના-૨૦૧૭ અન્વાયે નડિયાદ ખાતે વીજ કંપની દ્વારા માફી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યોજના અન્વયે ખેડૂતો, ગ્રામ્યસ વિસ્તાારના ગરીબ અને મધ્યરમ વર્ગના ગ્રાહકો અને શહેરી વિસ્તાંરના બ ી . પ ી . એ લ લાભાર્થીઓને વિશેષ રાહત આપવા માટે બાકી લેણા પૈકી ફકત રૂા.૫૦૦/-(અંકે રૂપિયા પાંચસો) ભરપાઇ કરાવી બાકીની વીજ બીલની તમામ રકમ સંપૂર્ણ માફ કરવાનો ક્રાંતિકારી અને ઔતિહાસિક નિર્ણય રાજય સરકારે કરેલ છે. આ યોજનાના કારણે ગ્રામ્ય અને શહેરી વિસ્તાર૨ના ગરીબ લાભાર્થીઓના ઘરમાં અંજવાળા પથરાશે એટલું જ નહીં, પરંતુ ખેડૂતો વીજળીનું પુન:જોડાણ પ્રાપ્ત કરી શકશે.

સમગ્ર રાજયમાં રાજય સરકારે રૂા.૬૩૧ કરોડની ફાળવણી કરી છે. ગ્રામ્યુ વિસ્તાારમાં ૧૦ કિ.વોટ સુધીના તમામ ગ્રાહકોને મુદલ અને વ્યાાજ સહિતના માફીના લાભ મળવા પાત્ર થશે. આ યોજના અન્વસયે નડિયાદ સર્કલના ૧૭ હજા૨થી વધુ ગ્રાહકોને અંદાજે રૂા.નવ કરોડની મુદલ તથા વ્યાજની રકમ માફ કરવા પાત્ર થશે. વીજધારા ૨૦૦૩ મુજબ કલમ ૧૨૬ એટલે કે વીજ ચો૨ીતી તથા કલમ ૧૩૫ એટલેકે વીજ ચો૨ી હેઠળ તથા બાકી પૈસાના કારણે કાયમી ધો૨ણે જે ગ્રાહકનું વીજ કનેકશન કપાઇ ગયેલ હોય (પીડીસી) તેવા વીજ જોડાણ માટે આ યોજના લાગુ કરવામાં આવી છે. પ્રથમ આ યોજના તા.૩૧મી ડિસેમ્બ ૨ ૨૦૧૮ સુધી લાગુ પાડવામાં આવી હતી, પરંતુ હવે તેમા વધારો કરી આ યોજનાના લાભ તા.૩૧ મે ૨૦૧૯ સુધી વીજ ગ્રાહકો મેળવી શકશે.

આ યોજનાના કારણે રાજયમાં અપૂરતા વરસાદના કારણે સર્જાયેલ અછતના સમયમાં વીજળી પ્રાપ્તિ થતાં સિંચાઇ મળવાથી ખેત ઉત્પાતદનમાં વધારો થાય અને તેમની આવક વધે, વીજ જોડાણો ચાલુ થતાં ગરીબ અને મધ્ય મ વર્ગના પરિવારોને મોટી રાહત મળે અને તેમનું જીવન સુવિધાયુકત થાય, ગ્રામ્ય વિસ્તારોમાં ગૃહ ઉદ્યોગો ધમધમતા થાય. વીજ બીલના બાકી નાણાં વસુલ કરવા માટે થયેલ કોર્ટનું ભારણ ઓછું થાય તેમજ કાનુની પ્રક્રિયા માટે થતાં ખર્ચમાં ઘટાડો થાય તે હેતુથી અમુક પ્રકારના ગ્રાહકો/બિન ગ્રાહકો પાસેથી તેમના બાકી લેણા પૈકી ફકત રૂા.૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પૂરા) વસુલી એક વખતની સંપૂર્ણ વીજ માફી યોજનાનો લાભ આપવાનું તથા બાકી રહેતાં ગ્રાહકો/બિન ગ્રાહકોને યોજનામાં જોડાવા માટેની મુદતમાં વધારો કરવાની કેટલીક શરતોને આધારે પ૨વાનગી આપવામાં આવી છે.

આ યોજના અન્વ યે (એ) (૧) રાજયના કૃષિ વિષયક વીજ જોડાણો ધરાવતાં ગ્રાહકો/બિન ગ્રાહકો (૨) ગ્રામ્યત વિસ્તાારનાં બી.પી.એલ. રહેઠાણનાં વીજ જોડાણ ધરાવતાં ગ્રાહકો/બિન ગ્રાહકો (૩) ગ્રામ્ય વિસ્તાર૨નાં નોન બી.પી.એલ રહેઠાણ વીજ જોડાણ ધરાવતાં ગ્રાહકો/બિન ગ્રાહકો (૪) ગ્રામ્ય વિસ્તા૨નાં કોમર્શીયલ-એનઆરજીપી ૧૦ કિ.વોટ સુધીના વીજ જોડાણ ધરાવતાં ગ્રાહકો/બિન ગ્રાહકો (૫) શહેરી વિસ્તાવરનાં બી.પી.એલ રહેઠાણનાં વીજ ગ્રાહકો/બિન ગ્રાહકો (બી) ઉપરોકત જણાવેલ ગ્રાહકો/બિન ગ્રાહકો રૂા.૫૦૦/-ની રકમ ભરપાઇ કરશે તો, વીજ બીલની બાકી રકમ તેમજ તેના વ્યાાજની રકમ ભરપાઇ કરવામાંથી મુકિત મેળવી શકશે અને તેઓને પ્રવર્તમાન નિયમો નુસાર નવીન/પૂન:વીજળી જોડાણ આપવાના રહેશે. આ યોજનાનો લાભ તા.૩૧/૫/૨૦૧૯ સુધી લઇ શકાશે. અગાઉ જે વીજ ગ્રાહકોએ એમ્નેનસ્ટીણ યોજના ૨૦૧૭ માં એક, બે કે ત્રણ હમાપમાં વીજ બીલની રકમ ભરપાઇ કરેલ હોય તેઓને ભરેલી રકમ પરત મળશે નહીં. ઉપરાંત જે વીજ ગ્રાહકોએ એક કે બે હમા? ભરપાઇ કરેલ હોય તેઓને પણ તેમણે ચૂકવેલ રકમ પરત મળશે નહિં પરંતુ, તેઓ પાસેથી રૂા.૫૦૦/- વસુલ કરી, બાકી રહેતાં હમા ની રકમ ભરપાઇ કરવામાંથી મુકિત મળશે અને નવીન વીજ જોડાણ ચાર્જ/રિકનેકશન કાર્યની રકમ ભરપાઇ કર્યેથી નિયમાનુસાર નવીન વીજ જોડાણ/પૂન:જોડાણ આપવામાં આવશે. આ યોજનાનો લાભ લેવા નવેસરથી અરજી કરવાની રહેશે.

એમજીવીસીએલ દ્વારા નડિયાદ(રૂરલ) સર્કલમાં રહેણાંક વિસ્તાારમાં સેકશન ૧૨૬ અન્વભયે ૧૬ કેસમાં રૂા.૨.૦૨ લાખ, સેકશન ૧૩૫ અન્વયે ૭૬ કેસમાં રૂા.૫.૭૮ લાખ અને પીડીસી યોજના અન્વ યે ૬૩૮ કેસમાં રૂા.૧૮.૪૪ લાખ મળી કુલ ૭૩૦ કેસમાં રૂા.૭૬.૨૪ લાખ, કોર્મશીયલ જોડાણોમાં સેકશન ૧૨૬ અન્વીયે ૧૦ કેસમાં રૂા.૩.૯૭ લાખ, સેકશન ૧૩૫ અન્વૂયે ૦૪ કેસમાં રૂા.૦.૦૭ લાખ અને પીડીસી યોજના અન્વ યે ૪૪ કેસમાં રૂા.૨.૧૮ લાખ મળી કુલ ૫૮ કેસમાં રૂા.૬.૨૨ લાખ તથા એગ્રીકલ્ચયર વિસ્તોરમાં સેકશન ૧૨૬ અન્વપયે ૦૮ કેસમાં રૂા.૧.૩૫ લાખ, સેકશન ૧૩૫ અન્વ.યે એક કેસમાં રૂા.૦.૧૧ લાખ અને પીડીસી યોજના અન્વેયે ૧૧ કેસમાં રૂા.૦.૫૯ લાખ મળી કુલ ૨૦ કેસમાં રૂા.૨.૦૫ લાખની સહાય મળશે તેમ નડિયાદ વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેરશ્રી ઢેબરે જણાવ્યું હતું.

આ કાર્યક્રમમાં કાર્યપાલક ઈજનેરશ્રી જી.એન.શાહ સહિત વિવિધ ડિવિઝનોના ઈજનેરો અને મોટી સંખ્યારમાં લાભાર્થીઓ ઉપસ્થિહત રહયા હતાં.

# આગામી ૧૫મીથી રાજય સરકાર દ્વારા ખેડૂતો પાસેથી લઘુતમ ટેકાના ભાવથી ઘઉંની સીધી ખરીદી

ભુજ

રવી માર્કેટીંગ સીઝન અને સને ૨૦૧૯-૨૦ અંતર્ગત રાજય સરકાર દ્વારા ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ખરીદી આગામી તા.૧૫મી માર્ચ-૨૦૧૯થી શરૂ થનાર છે. રાજય સરકારે લઘુતમ ટેકાના પ્રતિ કિવ. ૧૮૪૦/- નકકી કરેલ છે. ખરીદી માટે ઘઉંનો જથ્થો વેચાણ કરવા ઈચ્છતા ખેડૂતોની ઓનલાઈન http://pds.gujarat.gov.in ઉપર નોંધણી તા.૧લી માર્ચ-૨૦૧૯થી શરૂ કરવામાં આવશે તે માટે ખેડૂતોએ તાલુકા કક્ષાએ પુરવઠા વિભાગના ગોડાઉન કેન્દ્રોનો સંપર્ક કરવા નાયબ જિલ્લા મેનેજર (ગ્રેડ-૨) ગુ.રા.ના.પુ.નિ.લી.ભુજ-કચ્છ. દ્વારા જણાવ્યું છે.

# આધુનિક સુવિધા સાથેના ''કતારગામ સ્માર્ટ પોલિસ સ્ટેશન''નું લોકાર્પણ કરતાં મુખ્યમંત્રી





## 'પોલિસ પ્રજાનો મિત્ર' એ સૂત્ર સાચા અર્થમાં સાકાર થશેઃ રૂા.૬.૫૦ કરોડના ખર્ચે નવનિર્મિત પોલિસ ભવન સીસીટીવી કેમેરા, સોલાર પ્લાન્ટ, કલરફુલ કોર્નર સહિતની અત્યાધુનિક સવલતો ધરાવે છે

**લોકભાગીદારીના ઉત્તમ નમૂનારૂપ કતારગામ ખાતે નિર્મિત થયેલું ''સરદાર સુરક્ષા ભવન'' પોલિસ સ્ટેશન**

સૂરત

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે સુરત શહેરના કતારગામ વિસ્તારમાં લોકભાગીદારી દ્વારા રૂા.૬.૫૦ કરોડના ખર્ચે નિર્મિત થયેલા કતારગામ સ્માર્ટ પોલિસ સ્ટેશનનું લોકાર્પણ આજરોજ સંપન્ન થયું હતું. સુરત શહેર પોલિસ અને પોલિસ વેલ્ફેર ટ્રસ્ટ,સુરત દ્વારા લોકભાગીદારીથી 'સૌનો સાથ, સૌનો વિકાસ અને 'પોલિસ સર્વનો મિત્ર છે' એ વાતને સચોટ રીતે સાર્થક કરતા અત્યાધુનિક વ્યવસ્થાઓ સાથેના આ ભવનમાં ૪૦ હજાર સ્કે.ફુટમાં તૈયાર થયેલા અદ્યતન બિલ્ડીંગમાં સી.સી.ટી.વી. કેમેરા, સોલાર પાવર પ્લાન્ટ, જિમ વાઈફાઈ, બાળકો માટેના કલરફુલ પ્લે કોર્નર અને આધુનિક ફાયર સેફ્ટી સહિતની અત્યાધુનિક સવલતો ઊભી કરવામાં આવી છે.

પોલિસ જવાનો તણાવમુક્ત રહી શકે તે માટે મેડીટેશન રૂમ(ધ્યાન કક્ષ), મહિલાઓ માટે આરામ કક્ષ, બાળકો માટે ઘોડિયા ઘર, મુલાકાતીઓ માટે કોમ્પ્યુટર રૂમ, પાંચ માળ ધરાવતાં આ પોલિસ સ્ટેશનના પ્રવેશદ્વારે જ સરદાર વલ્લભભાઈ પટેલની ઉડીને આંખે વળગે તેવી સોનેરી પ્રતિમાની સ્થાપના કરાઈ છે. પોલિસ સ્ટેશનનું નામ ''સરદાર સુરક્ષા ભવન'' રાખવામાં આવ્યું છે.

આ ભવ્ય ભવનમાં બાળકો માટે અવનવા રમકડા સાથેનો કલરફુલ પ્લે કોર્નર પણ બનાવવામાં આવ્યો છે. જેની પાછળ કોઈ નાગરિક પોતાની ફરિયાદ લઈને આવે અથવા રજૂઆત લઈને આવે ત્યારે બાળકો એટલો સમય ત્યાં રમી શકે અથવા તો માતા-પિતાને તેના બાળકને રમવા યોગ્ય વાતાવરણ મળી શકે તેવું રસપ્રદ કારણ છે.

અત્યાર સુધી એવું બનતું રહ્યું છે કે, પોલિસ સ્ટેશનમાં ભારતના દિગ્ગજ નેતાઓની તસ્વીર રહેતી હોય છે પણ આ પોલિસ સ્ટેશન એવું છે જ્યાં પ્રવેશદ્વાર પર જ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા મુકવામાં આવી છે. મૂલતઃ પોલિસ સ્ટેશન એટલે ભયનો ભાવ એવું ગણાતું હતું પણ અહીં તમને પ્રવેશ સાથે 'પોલિસ સર્વનો મિત્ર' છે એવી અનુભૂતિ થયા વિના રહે નહી.

નાગરિકોની સરળતા રહે એ માટે બેઝમેન્ટ અને ગ્રાઉન્ડ ફલોર પર પાર્કિંગ, પહેલા બીજા અને ત્રીજા માળ મળીને ત્રીસ જેટલી ઓફિસ ચોથા માળે ત્રીસ વ્યક્તિ બેસી શકે તેવો કોન્ફરન્સ રૂમ ઉપરાંત ૧૫૦ બેઠકની ક્ષમતાવાળા ઓડિટોરીયમ હોલ તથા એક સાથે ૧૦૦ પોલિસ જવાનો રહી શકે તેવા મોટો બેરેકનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે. સ્વચ્છતા અભિયાનને સાકાર કરતા પોલિસ સ્ટેશનમાં ૩૦ જેટલા આર.ઓ. પ્લાન્ટ અને વોટર કુલરની સુવિધા રાખવામાં આવી છે. જ્યારે ટેરેસ પર સોલાર પ્લાન્ટ સાથે એક નવી જ ઈમેજ તૈયાર કરાઈ છે. સાથે પોલિસ સ્ટેશનને આવક મળી રહે તે માટે જીમ તથા હોર્ડિંગ્સ પણ મૂકવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

પોલિસ સ્ટેશન એટલે માત્ર ફરિયાદ કે દંડ જ નહી, પણ ગુનેગારો ફરી પાછા સભ્ય નાગરિક બની શકે તે માટેના સુવાક્યો લખેલી સ્ક્રીન પણ કસ્ટડી પાસે મૂકવામાં આવી છે. ૨૪ કલાક ધમધમતા રહેતા પોલિસ સ્ટેશનમાં સૌને ન્યાય મળી રહે તે માટે ૧૮૧ અભયમ હેલ્પલાઈનનો રૂમ બનાવવામાં આવ્યો છે. સતત વિસ્તરતા અને વિકાસ પામી રહેલા આ શહેરમાં પોલિસ સ્ટેશન શહેરના જોવાલાયક સ્થળોમાંનું એક સ્થળ બની રહેશે. જ્યાં કોઈ પણ વ્યક્તિ નિર્ભિક થઈને જઈ શકશે. કારણકે તેનો માહોલ જ એ રીતે પીપલ ફ્રેન્ડલી બનાવવામાં આવ્યો છે.

આ કાર્યક્રમમાં આરોગ્ય રાજયમંત્રીશ્રી કિશોરભાઈ કાનાણી, મેયર ડો.જગદીશ પટેલ, રાજયના પોલિસ મહાનિદેશકશ્રી શિવાનંદ ઝા, સાંસદ શ્રીમતિ દર્શનાબેન જરદોશ, ધારાસભ્યશ્રી કાંતિ બલર તથા વિનુભાઈ મોરડીયા, પો.કમિ.શ્રી સતિષ શર્મા, કલેકટર ડો.ધવલ પટેલ, કમિશનરશ્રી એમ.થેન્નારસન ઉપસ્થિત રહ્યા હતા.

# હળવદ શાળા નંબર-૪માં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉત્સાહભેર ઉજવણી કરાઈ




સમગ્ર દેશમાં જ્યારે મહાન ભારતીય વૈજ્ઞાનિક સી.વી.રામનની યાદમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ઉજવાઈ રહ્યો છે ત્યારે મોરબી દરવાજા બહાર આવેલ શાળા નંબર-૪ ખાતે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ઉજવવામાં આવ્યો હતો જે અંતર્ગત વર્તમાન સમયમાં બાળકોને વિજ્ઞાન અને ટેક્નોલોજીના ક્ષેત્રે જોડવા અને તેને તે તરફ અભિમુખ કરવા માટે ધોરણ ૬ થી ૮ના વિજ્ઞાનના પાઠ્યપુસ્તક આધારિત તમામ પ્રયોગો રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં આશરે ૪૦ જેટલા પ્રયોગો ૮૦ જેટલા બાળ વૈજ્ઞાનિકો દ્વારા રજૂ થયા હતા.સમગ્ર પ્રયોગોનું ધોરણ ૩ થી ૮ના બાળકોને નિદર્શન કરાવવામાં આવ્યું હતું.જેને નિહાળીને બાળકો નવાઈ પામી ઉઠ્યા હતા.બાળ વૈજ્ઞાનિક બનેલા બાળકોએ પોતાના પ્રયોગોને ખુબજ સરસ રીતે સમજાવ્યા હતા. જેમાં વિદ્યુત પરિપથ, સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણ, પદાર્થોનું અલગીકરણ, ચુંબકના ગુણધર્મો,હવાનું દબાણ, ઉર્જાનું રૂપાંતર, ગતિ, બળ અને ઝડપ તથા પ્રાણી કોષ અને વનસ્પતિ કોષની સમજ વગેરે પ્રયોગો રજૂ થયા હતા. કાર્યક્રમને શાળાના આચાર્ય રાજેશભાઈએ ખુલ્લો મુક્યો હતો અને સાથોસાથ શાળાના ગણિત-વિજ્ઞાનના શિક્ષક ભાવેશભાઈ, જીતેન્દ્રભાઈ અને પ્રવિણાબેન તથા સ્ટાફ દ્વારા વિજ્ઞાન દિવસને સફળ અને સુંદર બનાવવા ખુબજ જહેમત ઉઠાવવામાં આવી હતી. આમ સમગ્ર કાર્યક્રમ સુંદર રીતે પૂર્ણ થયો હતો.

# તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામ દ્વારા આશા બહેનોનુ વિરાટ આશા સંમેલન યોજાયુ




**પ્રા. આ. કેન્દ્ર કક્ષાએ ઉત્કૃષ્ઠ કામગીરી કરનારા આશા બહેનોને ઈનામ તથા પ્રમાણપત્ર આપીને સન્માનીત કરવામાં આવ્યા**

તાલુકા હેલ્થ ઓફિસ વિરમગામ દ્વારા નગરપાલીકા હોલ વિરમગામ ખાતે વિરાટ આશા સંમેલન યોજાયુ હતુ. આશા સંમેલનમાં નિષ્ણાંત તબીબો દ્વારા આશા બહેનોને જરૂરી આરોગ્ય વિષયક માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.વિરમગામ તાલુકાના વિવિધ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સેવા વિસ્તારના ઉત્કૃષ્ઠ કામગીરી કરનારા આશા બહેનોને પ્રથમ અને દ્વિતીય નંબર આપી ઈનામ તથા પ્રમાણપત્ર આપીને સન્માનીત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં નગરપાલીકાના પ્રમુખ રીનાબેન પંડ્યા, આરોગ્ય સમિતીના ચેરમેન જગદીશભાઈ મેણીયા, વિજયભાઈ સોની, દિલીપસિંહ ધાધલ, ચીફ ઓફિસર વિનોદભાઈ રાઠોડ, તાલુકા હેલ્થ ઓફિસર ડો.વિરલ વાઘેલા, ડો.આર જી વાઘેલા, ડો.સંગીતા પટણી, ડો.ઝંખના જયસ્વાલ, ડો,ધ્વની પટેલ, આયુષ મેડીકલ ઓફિસર, આરબીએસકે મેડીકલ ઓફિસર,કોમ્યુનિટી હેલ્થ ઓફિસર સહિત મોટી સંખ્યામાં આશા બહેનો, આશા ફેસીલીટેટર બહેનો ઉપસ્થીત રહ્યા હતા. મહેમાનો દ્વારા આશા બહેનોની કામગીરીની પ્રસંશા કરવામાં આવી હતી અને આશા બહેનોનો ઉત્સાહ વધાર્યો હતો. તાલુકા હેલ્થ ઓફિસર ડો.વિરલ વાઘેલાએ જણાવ્યુ હતુ કે, આશા એ સમુદાયે પસંદ કરેલી એક એવી મહિલા છે જેને તેના ગામમાં રહીને જ સમુદાયને આરોગ્ય સંભાળ પ્રાપ્ત કરવા અને સ્વાસ્થ્યપ્રદ આદતો કેળવવા અને તેમ કરીને સમુદાયના આરોગ્યની સ્થિતિમાં સુધારો કરવાની કામગીરી કરવા માટે તાલીમ અને સહાય પુરી પાડવામાં આવે છે. ગ્રામ્ય વિસ્તારમાં ૧ હજારની વસ્તી દીઠ ૧ આશા હોય છે. આશા ફેસિલીટેટરને આશાના શિક્ષક, માર્ગદર્શક અને સલાહકાર તરીકેની અપેક્ષા સેવવામાં આવે છે. આશા ફેસિલીટેટર આશાને સહકાર આપે, દેખરેખ રાખે,તેની ક્ષમતાનો વિકાસ કરે અને તેમને સોપવામાં આવેલ વિસ્તારમાં આશા બહેનોની પ્રગતીનું નિયંત્રણ રાખે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

## આહવા ખાતે બાળલગ્ન અટકાવવા માટેનો સેમિનાર યોજાશે

આહવા

આગામી તા.૧લી માર્ચ, ૨૦૧૯નાં રોજ ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે ડો.આંબેડકર ભવન ખાતે બાળલગ્ન અટકાવવા માટે સહિયારી જવાબદારી વિષયક એક જનજાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૧૧ વાગ્યે ઉદ્ઘાટિત થનારા આ સેમિનારમાં જિલ્લાની ગ્રામ પંચાયતના સભ્યો સહિત તલાટી કમ મંત્રીઓ, પ્રાથમિક શાળાના શિક્ષકો અને આચાર્યો, આંગણવાડી કાર્યકરો, આરોગ્ય વિભાગના એફ.એચ.ડબ્લ્યુ. અને આશા બહેનો, પોલીસ કોન્સ્ટેબ્લ તથા ચાઈલ્ડ વેલ્ફેર ઓફિસર સહિતના લોકો ભાગ લેશે. આ સેમિનારનું આયોજન બાળલગ્ન પ્રતિબંધક અધિકારી-વ-જિલ્લા સમાજ સુરક્ષા કચેરી દ્વારા કરાયુ છે.

# સ્થાયી સમિતિમાં વેડ-વરિયાવ તાપી બ્રિજ, સિદ્ધાર્થ નગર રેલવે બ્રિજના ટેન્ડરને મંજૂરી



સુરત

લોકસભા ચૂંટણીની આચારસંહિતા ગમે ત્યારે લાગુ પડે તેવી શક્યતાને ધ્યાને રાખીને સુરત મનપાના શાસકો દ્વારા આજે ગુરૂવારે સવારે મળેલી સ્થાયી સમિતિની બેઠકમાં રેગ્યુલર એજન્ડાના ૩૨ કામોત મજ વધારાના ૧૨ કામો ઉપર ગણતરીના મિનિટોમાં ચર્ચા કરી કામોને મંજૂરી આપી હતી. જેમાં મુખ્યત્વે વેડ-વરિયાવ તાપી નદી પરનો બ્રિજ, સિદ્ધાર્થ નગર રેલવે ઓવરબ્રિજ તેમજ વરાછામાં લક્ષ્મણનગરની કરંજ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન સુધી ગંદી ગોબરી ખાડીને રિમોડલીંગના કરોડોના ટેન્ડર મંજૂર કર્યા હતાં.

સ્થાયી સમિતિ અધ્યક્ષ અિનલ ગોપલાણીના જણાવ્યા અનુસાર સરદાર બ્રિજને લાગુ અઠવા ફલાય ઓવર બ્રિજના રીપેરીંગ રિહેબીલટેશન માટે ૨.૯૫ કરોડના ટેન્ડર મંજૂર કરી દીધા હતા. આજે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હાથે વરાછા ખાડી, વેડ વરિયાવ બ્રિજ તેમજ સિદ્ધાર્થનગર બ્રિજનું ખાતમુહૂર્ત હોવાથી આ કામોને પ્રાયોરિટી આપી આજની સ્થાયી સમિતિમાં મંજુરી આપવામાં આવી છે.

મનપા દ્વારા વરાછા લક્ષ્મણનગરથી શરૂ થઈ ઉધના જીવન જ્યોત સુધી ૮.૨૫ કિલોમીટર સુધીની લંબાઈમાંથી પસાર થતી ખાડીને સ્માર્ટ પ્રોજેક્ટ અંતર્ગત સમાવેશ કરવામાં આવ્યો છે. વરાછા વિસ્તારના સ્થાનિક કોર્પોરેટરો, ધારાસભ્યો અને મેયરની માંગણીને ધ્યાનમાં રાખીને વરાછા ખાડીને લક્ષ્મણનગરથી કરંજ સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી ૨.૮૫ કિલોમીટર સુધી ૧૨૩.૮૩ કરોડના ખર્ચે રિડેવલોપ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. વેડ વરિયાવને જોડવા તાપી નદી ઉપર ૧૧૭ કરોડનો બ્રિજ તેમજ આ બ્રિજ માટે ૩૫ કરોડની જમીન સંપાદન કરવાનો અને લગભગ ૩૦ કરોડની ખર્ચે ભેસ્તાન સિદ્ધાર્થનગર અને લીંબાયતના ડીંડોલી ખાતે કરાડવાને જોડતો રેલવે ઓવરબ્રિજને પણ સ્થાયીની મંજૂરી આપવામાં આવી છે.

# મોરબી જીલ્લા પંચાયતની વકીલ પેનલમાં રાવલ ધ્રુવકુમારની નિમણુક



**મોરબી જીલ્લા પંચાયતના વિવિધ કોર્ટ કેસો લડવા માટે વકીલ પેનલમાં ધ્રુવકુમાર રવિચંદ્રભાઈ રાવલની નિમણુક કરવામાં આવી છે જેને સૌ કોઈ આવકારી રહ્યા છે**

મોરબી જીલ્લા પંચાયતની કારોબારી સમિતિની બેઠક કારોબારી અધ્યક્ષ હેમાંગભાઈ રાવલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી જે બેઠકમાં મોરબી જીલ્લા પંચાયતમાં હસ્તક ઉપસ્થિત થતા કેસો જેવા કે હાઈકોર્ટ તથા લેબર કોર્ટ અને સ્થાનિક કોર્ટ કેસો માટે વકીલોની પેનલ તા. ૦૭-૧૦-૧૬ ની કારોબારી સભામાં મંજુર થયેલ છે અને તા. ૨૭-૧૦-૧૬ ના રોજ વકીલોની પેનલ રચના માટેનો હુકમ કરવામાં આવ્યો છે હાલ ધ્રુવકુમાર રવિચંદ્રભાઈ રાવલને પેનલમાં સમાવવા માટે મળેલી અરજી અન્વયે કારોબારી સમિતિની બેઠકમાં રાવલ ધ્રુવકુમારનો વકીલ પેનલમાં સમાવેશ કરવામાં આવ્યો છે ત્યારે રાવલ ધ્રુવકુમારની વરણીને પગલે પરિવાર અને મિત્ર વર્તુળમાં આનંદની લાગણી છવાઈ છે

# આદિજાતિ રાજ્યમંત્રી રમણલાલ પાટકરનો પ્રવાસ કાર્યક્રમ

**વલસાડ**

વન અને આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી રમણલાલ પાટકર તા.૧/૩/૨૦૧૯ના રોજ સવારે ૯-૦૦ કલાકે વિવેકાનંદ સાંસ્કૃતિક હોલ ધોડીપાડા ખાતે યોજાનાર વીજબીલ માફી યોજના અન્વયે યોજાનાર કેમ્પમાં, બપોરે ૧૨-૦૦ કલાકે જિલ્લા સેવાસદન આહવા-ડાંગ ખાતે યોજાનાર ડાંગ જિલ્લા આયોજન મંડળ તેમજ આદિજાતિ વિકાસ મંડળની બેઠકમાં હાજરી આપી બેઠક પૂર્ણ થયે અનુકૂળતાએ ધોડીપાડા જવા રવાના થશે.

તંત્રી સ્થાનેથી...

## જંગ આગળ ન વધે

*પાકિસ્તાનમાં ઘુસી જઈને ભારતીય હવાઈ દળે કેટલાક ત્રાસવાદી અડ્ડાઓ પર બોંબ ઝીંકીને તેમનો સફાયો કર્યાના એક દિવસ બાદ પાકિસ્તાને ત્રાસવાદીઓની સામે કાર્યવાહી કરવાના બદલે ભારતમાં પોતાના યુદ્ધ વિમાનો મોકલીને ભારતના સૈન્ય સ્થળો પર હુમલા કરવાના પ્રયાસ કર્યા હતા. અલબત્ત તેમાં તેને સફળતા હાથ લાગી ન હતી. તેના એક વિમાનને તોડી પાડવામાં આવ્યુ હતુ. પાકિસ્તાનના દુસાહસનો જડબાતોડ જવાબ આપવામાં આવ્યો હતો. જેથી કોઈની ઈચ્છા ન હોવા છતાં હવે યુદ્ધ જેવી સ્થિતી સર્જાઈ ગઈ છે. તમામ લોકો જાણે છે કે બુધવારના દિવસે નૌશેરા વિસ્તારમાં પાકિસ્તાની યુદ્ધ વિમાનોએ ભારતના હવાઈ ક્ષેત્રમાં ઘુસણખોરી કરી હતી. ભારતીય હવાઈ દળે જ્યારે યોગ્ય જવાબ આપ્યો અને જમીન પરથી પણ જોરદાર કાર્યવાહી કરવામાં આવી ત્યારે પાકિસ્તાની એફ-૧૬ વિમાનોને પરત ફરવાની ફરજ પડી હતી. પાકિસ્તાનનુ તોડી પાડવામાં આવેલુ વિમાન મળી આવ્યુ છે. આ કાર્યવાહી દરમિયાન એક ભારતીય વિમાન કેશ થયુ હતુ. જેમાં પાયલોટ લાપતા થયો હતો. આ પાયલોટ હાલમાં પાકિસ્તાનના કબજામાં છે. પાકિસ્તાને શરૂઆતમાં બે ભારતીય વિમાન તોડી પાડ્યાનો દાવો કર્યો હતો. ત્યારબાદ ભુલ સુધારીને એક પાયલોટ તેના સકંજામાં હોવાની વાત કરી હતી. હવે આ પાયલોટને પરત સોંપવાની વાત ભારત દ્વારા કરવામાં આવી રહી છે. પાકિસ્તાની વડાપ્રધાન ઈમરાન ખાને ત્યારબાદ નેશનલ કમાન્ડ ઓથોરિટીની બેઠક પણ બોલાવી લીધી હતી. પાકિસ્તાન પરમાણુ બોંબનો ઉપયોગ કરી શકે છે તેવા ભય ફેલાવવાના હેતુથી આ બેઠક બોલાવવામાં આવી હતી. ભારતની શક્તિ સામે પાકિસ્તાન કોઈ પણ જગ્યા ટકતુ નથી. આવી સ્થિતીમાં પાકિસ્તાને જુદી જુદ રણનિતી પર કામ શરૂ કર્યુ છે. ખાસ કરીને ત્રાસવાદીઓનો ઉપયોગ કરીને વર્ષોથી ભારતને હેરાન કરવાના પ્રયાસ પાકિસ્તાને કર્યા છે. આ વખતે તેની હાલત વધારે ખરાબ દેખાઈ રહી છે. સૌથી પહેલા તો પાકિસ્તાનમાં ઘુસીને ભારતે ત્રાસવાદી અડ્ડાઓને ફુંકી માર્યા છે. જ્યારે બીજી બાજુ આંતરરાષ્ટ્રીય સ્તર પર પાકિસ્તાનને અગ પાડી દેવામાં સફળતા મળી છે. દુનિયાના દેશો પાકિસ્તાનને ત્રાસવાદી કેમ્પો સામે કાર્યવાહી કરવા માટે કહી રહ્યા છે. ભારતે તેની સાથે તમામ સંબંધો તોડી લીધા છે. પાકિસ્તાન સામે જોરદાર કાર્યવાહી હાલમાં રાજદ્વારી અને યુદ્ધ મોરચે કરવામાં આવી રહી છે. કેટલાક રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે આ યુદ્ધની સ્થિતી હવે ટળે તે જરૂરી છે. કારણ કે યુદ્ધ થવાની સ્થિતીમાં તેને કઈ રીતે રોકવામાં આવે તે માટે કોઈ પગલા વિચારી લેવામાં આવ્યા નથી. દુનિયાના દેશો પણ આ પ્રકારની તંગદીલીને ટાળવા માટે વહેલી તકે આગળ આવે તે જરૂરી છે. ત્રાસવાદીઓને બોધપાઠ ભણાવી દેવામાં આવે તે જરૂરી છે. ત્રાસવાદીઓના ખાતમા માટે પાકિસ્તાન પર વિશ્વના દેશો દબાણ લાવીને આગળ વધે તે જરૂરી છે. કટ્ટરપંથીઓ અને ત્રાસવાદી લીડરોનો સફાયો જરૂરી બની રહ્યો છે. વિશ્વના દેશો સાથે આવે તે જરૂરી છે. ભારતની સાથે દુનિયાના દેશો હાલમાં ઉભેલા દેખાય છે.*

**હાલમાં ઈચ્છા નહીં હોવા છતાં યુદ્ધ જેવી સ્થિતી તો સર્જાઈ ગઈ છે : સાવધાની જરૂરી**

ભારત પર યુદ્ધ લાદી દેવાના પાકિસ્તાનના નાપાક પ્રયાસો જારી...

# યુદ્ધના ભણકારા : બદલાનો સમય



**ઈમરાન ખાન બિન અનુભવી નેતા છે અને પાકિસ્તાની સરકાર તો સેના જ ચલાવી રહી છે તે બાબત તમામ લોકો સારી રીતે જાણે છે**

જમ્મુકાશ્મીરના પુલવામા વિસ્તારમાં ૧૪મી ફેબ્રુઆરીના દિવસે સીઆરપીએફના કાફલા પર ભીષણ ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યા બાદથી ભારત અને પાકિસ્તાન વચ્ચેની તંગદીલી વધી રહી છે. પાકિસ્તાની ત્રાસવાદીઓની મદદથી સીઆરપીએફ કાફલા પર હુમલો કરવામાં આવ્યા બાદ ભારતીય હવાઈ દળે ૨૬મી ફેબ્રુઆરીના દિવસે વહેલી પરોઢે પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં ઘુસીને જોરદાર હવાઈ હુમલા કર્યા હતા. ત્રાસવાદીઓના અડ્ડાને બોંબ વર્ષા કરીને ફુંકી મારવામાં આવ્યા હતા. ત્યારબાદ પાકિસ્તાને ત્રાસવાદીઓની સામે કાર્યવાહી કરવાના બદલે ગઈકાલે બુધવારે ભારતીય સૈનાના કેટલાક સ્થળોને ટાર્ગેટ બનાવીને હુમલા કરવાના પ્રયાસ કર્યા હતા. પાકિસ્તાનના કેટલાક વિમાનોએ ભારતીય હવાઈ સીમાનો ભંગ કરીને તગંદીલી વધારી હતી. જો કે ભારતીય હવાઈ દળે પાકિસ્તાનના નાપાક ઈરાદાને નિષ્ફળ બનાવી દીધા હતા. જો કે આ કૃત્ય બતાવીને પાકિસ્તાને ભારત સામે યુદ્ધ છેડવા માટેના સંકેત આપ્યા છે. તમામ લોકો ઈચ્છે છે કે કોઈ યુદ્ધ ન થાય પરંતુ જો દુશ્મન દેશ જ્યારે ભારત પર યુદ્ધ લાગે છે ત્યારે આનો ભરપુર લાભ ઉઠાવી લેવામાં આવે તે પણ જરૂરી છે. યુદ્ધની સ્થિતીનો ભરપુર બદલો લેવામાં આવે તે સમય છે. આ યુદ્ધ ભારત પર લાદી દેવામાં આવ્યુ છે. આ ધ્યાન આપવા જેવી બાબત છે કે પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાન એક બિન અનુભવી લીડર છે. એમ પણ પાકિસ્તાનમાં સરકાર તો પાકિસ્તાની સેના જ ચલાવે છે. નવાઝ શરીફ જેવા અનુભવી નેતા સેના પર કેટલાક અંશે પ્રતિબંધ મુકી શકતા હતા પરંતુ હવે તો ઈમરાન ખાન પાસે આ યોગ્યતા નથી. પાકિસ્તાન ભારતમાં ઘુસણખોરી કરીને હુમલા કરવાના પ્રયાસ કરશે તેમ તમામ લોકો માનતા હતા. પાકિસ્તાન દ્વારા હવાઈ હુમલા કરાશે તે બાબત નક્કી દેખાતી હતી. પાકિસ્તાન ૧૯૬૫માં કારમી રીતે હારી ગયુ હતુ. હવે વર્તમાન સ્થિતીને ધ્યાનમાં લઈને તમામ નિષ્ણાંત લોકો માને છે કે હવે બ્રહ્મોસ મિસાઈલનો ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે. સરકાર પણ પૂર્ણ એક્શન મોડમાં આવી ગઈ છે. દિલ્હીમાં સ્થિતી પર વિચારણા કરવામાં આવી રહી છે. હવે જ્યારે અમારી સેના દાવો કરે છે કે પાકિસ્તાનની અંદર ઘુસીને તેને બોધપાઠ ભણાવી શકાય છે. સુરક્ષા દળો સાહસ દર્શાવી રહ્યા છે. તમામ લોકો માને છે કે આ સરકાર તમામ વિશ્વાસ સાથે આગળ વધી રહી છે. આંતરરાષ્ટ્રીય મંચ પર તો મોદી પહેલાથી જ સજ્જ હતા. આનુ પ્રમાણ છે કે સર્જિકલ સ્ટ્રાઈક અને હવે વિમાનો દ્વારા ત્રાસવાદી અડ્ડા પર હુમલા કરવામાં આવ્યા છે. જે ભારત સરકારની અને ભારત સેનાની તાકાત દર્શાવે છે. સર્જિકલ સ્ટ્રાઈક અને ત્રાસવાદી અડ્ડા પર હવાઈ હુમલા કરવામાં આવ્યા બાદ પણ કોઈ દેશે ભારતની નિંદા કરી નથી. જે દર્શાવે છે કે ભારત કેટલી સફળતા સાથે આગળ વધી રહ્યુ છે. પાકિસ્તાનના સૌથી નજીકના મિત્ર ગણાતા ચીને પણ શાંતિ જાળવી રાખવા માટેની જ અપીલ કરી છે. ઈચ્છા ન હોવા છતાં જો ભારત પર યુદ્ધ લાગુ કરવામાં આવશે તો પાકિસ્તાનની હાલત કફોડી બનશે. ૧૯૬૫ અને ૧૯૭૧ના યુદ્ધની જેમ જ પાકિસ્તાનને હારનો સામનો કરવો પડશે. જો યુદ્ધ થશે તો આ વખતે ભારત મંત્રણા ટેબલ પર ભારે પડશે. સાથે સાથે જીતેલી ભૂમિ પરત કરવા માટે મજબુર રહેશે નહીં. મજબુતીના સંબંધમાં મોદી અંગે કહેવાની જરૂર નથી. કારણ કે મોદી પહેલાથી જ કહી ચુક્યા છે કે દેશ નહીં ઝુંકને દુગા. જમ્મુ કાશ્મીરના પુલવામા ખાતે ૧૪મી ફેબ્રુઆરીના દિવસે કરવામાં આવેલા ભીષણ ત્રાસવાદી હુમલાના ૧૨માં દિવસે ભારતીય હવાઈ દળે પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં ઘુસીને જોરદાર હવાઈ હુમલા કરીને ત્રાસવાદીઓના તમામ કેમ્પો અને અડ્ડાઓને ફુંકી માર્યા હતા. ભારતીય હવાઈ દળે આજે વહેલી સવારે હવાઈ હુમલા કરીને ત્રાસવાદીઓ અને તેમના આકાઓને તેમની ઓકાત બતાવી હતી અને મિનિટોના ગાળામાં જ ત્રાસવાદી અડ્ડાઓને ફુંકી મારીને ૩૫૦થી પણ વધુ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા હતા. માર્યા ગયેલા ત્રાસવાદીઓમાં તેમના કમાન્ડરો, આકાઓ અને આત્મઘાતી બોંબરોનો સમાવેશ થાય છે. પુલવામા હુમલાના ૧૨ દિવસ બાદ ત્રાસવાદી અડ્ડાઓને ફુંકી મારવા માટે વહેલી પરોઢે ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. ત્રાસવાદી અડ્ડાઓ ઉપર મિરાજ ૨૦૦૦ વિમાન મારફતે ૧૦૦૦ કિલોગ્રામના બોંબ ઝીંકવામાં આવ્યા હતા. ૧૨ મિરાજ યુદ્ધ વિમાનો દ્વારા જૈશે મોહમ્મદના આલ્ફા-૩ કન્ટ્રોલ રુમ સહિત ત્રાસવાદી અડ્ડાઓને ફૂંકી મારવામાં આવ્યા હતા. ચોક્કસ બાતમીના આધારે આ ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું.

ભારતમાં સતત ત્રાસવાદી હુમલા, સરહદ પર ગોળીબાર જેવા કૃત્યો...

# ભારત-પાક.ના સંબંધો સુધરશે નહીં?



**પુલવામા ખાતે ભીષણ હુમલો કરીને પાકિસ્તાની ત્રાસવાદીઓએ મોટી ભુલ કરી દીધી હતી જેની કિંમત હવે ત્રાસવાદીઓ ચુકવી રહ્યા છે**

ભરૂચ ખાતે દૂધધારા ડેરીના વિશાળ ગ્રાઉન્ડ પર કેન્દ્રિય મંત્રીશ્રી(સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ભારત સરકાર) થાનરચંદ ગેહલોતના મુખ્યમહેમાનપદે દિવ્યાંગ વ્યક્તિઓને વરિષ્ઠ નાગરિકો પ્રતિ, હમદર્દી દાખવતો સુંદર કાર્યક્રમ ભરૂચના સાંસદ શ્રી મનસુખભાઇ વસાવાના અધ્યક્ષપણામાં આજરોજ યોજાયો.

કાર્યક્રમના મુખ્ય મહેમાનપદેથી સંબોધતાં કેન્દ્રિય મંત્રીશ્રી થાવરચંદ ગેહલોતે જણાવ્યું હતું કે, માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ પ્રારંભમાં કલ્યું હતું કે મારી સરકાર ગરીબોનો વિકાસ કરનારી સરકાર હશે જે સ્વપ્ન આજે ગરીબોને સરકારી વિવિધ યોજનાઓના માધ્યમથી સહાય કરીને સરકાર તેમના સ્વપ્ન સાકાર કરી રહી છે. ગત ૫૫ વર્ષમાં જે નથી થયું તે વર્તમાન સરકારે બહુ ટુંકા સમયગાળામાં કરી બતાવ્યું છે. કોઇ પણ પ્રકારના ભેદભાવ વગર સૌના ઉત્થાનનું કામ સરકાર કરી રહી છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે મંત્રાલય ધ્વારા બે યોજના અનુક્રમે વયોશ્રી યોજના અને દિવ્યાંગો માટેની યોજનાઓ હેઠળ ભારત સરકાર જરૂરતમંદોને સાધન સામગ્રી ઉપલબ્ધ કરાવી તેમને સ્વમાનભેર જીવવાનું બળ પુરૂ પાડે છે અને તે પુરા પાડવાનું સરકારનું લક્ષ્ય રહ્યું છે. આ ભગીરથ કામ જનભાગીદારના માધ્યમથી સફળ થઇ રહ્યું છે તેવી લાગણી વ્યક્ત કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતમાં પાંચ કાર્યક્રમ થકી દિવ્યાંગો અને વરિષ્ઠ નાગરિકોને સાધન સહાય અર્પણ કરી તેમના જીવનમાં નવચેત પ્રગટાવ્યું છે અને આજે અહીં સાતમો મેગા કેમ્પ કરી ભરૂચ ખાતે વિશ્વ રેકોર્ડ બનવા તરફ જઇ રહ્યો છે જેની નોંધ ગ્રીનીશ બુકમાં થશે. આ મેગા કેમ્પમાં કુલ ૫૩૦૧ લાભાર્થીઓને રૂા.૬ કરોડ ઉપરાંતની કિંમતના વિવિધ ઉપકરણો વિતરણ થનાર છે. જેમાં કૃત્રિમ હાથ-પગ, દાંત, ચશ્મા, શ્રવણયંત્ર, ઇલેકટ્રીક મોટર ટ્રાઇસીકલ, ટ્રાઇસીકલ નાની-મોટી, વ્હીલચેર એડલ્ટ અને ચાઇલ્ડ, સી.પી.ચેર, સ્માર્ટ ફોન, ડેઝી પ્લેયર, એમ.આર. કિટ એડલ્ટ કિટ, કચેસ(ઘોડી), રોલેટર અને અન્ય સાધનોનું વિતરણ ટોકન સ્વરૂપે મહાનુભાવોના હસ્તે વિતરણ કરાયું હતું.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, બેટરીથી ચાલતી ટ્રાઇસીકલ અપંગ લાભાર્થીઓને એક સ્થળેથી બીજા સ્થળે જવા-આવવા તથા નાની રોજગારી પ્રાપ્ત કરવા સહાયભૂત થશે. તેમણે અત્રેથી થનાર વિતરણના લાભોની આંકડાકીય માહિતી પણ આપી હતી. કોઇ પણ યોજનાના સાફલ્ય માટે તેમણે જનભાગીદારીને અનીવાર્ય લેખાવી હતી. અહીં આજે અગાઉ નોંધાયેલા લાભાર્થીઓને જરૂર લાભાન્વિત કરાશે અને જે બાકી રહી ગયા હોય તેવા સમાજના નાગરિકોને આવેદન કરવા કલ્યું હતું. દિવ્યાંગોને સરકારી નોકરીમાં ૪ ટકા અનામત અને ઊંચ્ચ અભ્યાસ માટે કોલેજોં ૫ આરક્ષિત સીટો વધારવાના આયોજનનો અંગુલી નિર્દેશ કર્યો હતો. અત્યાર સુધીમાં ૪૦ જિલ્લાઓમાં આવા કેમ્પો કરી જરૂરતમંદોને સીધા લાભ આપવામાં આવ્યા છે.

ભારત સરકારના સામાજિક ન્યાય અધિકારીતા સંયુક્ત સચિવ શ્રી ડૉ. પ્રબોધ શેઠે મંત્રાલયની કાર્યવાહી ઉપર પ્રકાશ પાડતાં કલ્યું હતું કે, ૧૯૮૧ થી યોજનાનો પ્રારંભ થયો છે અને સારૂં પરિણામ પણ મળ્યુ છે. જેનો યશ કેન્દ્રિય મંત્રીશ્રી થાવરચંદ ગેહલોતના ફાળે જાય છે. ભરૂચના સાંસદશ્રી મનસુખભાઇ વસાવા, ધારાસભ્યસર્વશ્રી અરૂણસિંહ રણા, દુષ્યંતભાઇ પટેલે પ્રાસંગોચિત પ્રચવન કરી સરકારની આ ગરીબોલક્ષી યોજનાને બિરદાવી હતી. દિવ્યાંગોના શારીરિક સશક્તિકરણ માટે યોજનાઓ સફળ રહેશે એવા ભાવ વ્યક્ત ર્ક્યા હતા અને દિવ્યાંગોને તિરસ્કૃત ભાવે નહી પણ સન્માનનીય ભાવે જોવા અનુરોધ ર્ક્યો હતો.

દિપપ્રાગટ્ય બાદ કાર્યક્રમનું સ્વાગત પ્રવચન નાયબ કલેક્ટરશ્રી દેસાઇએ કર્યું હતું. કાર્યક્રમના પ્રારંભમાં ભરૂચ શહેર અને જિલ્લાની વિવિધ ૧૧ શાળાઓના વિદ્યાર્થીઓ ધ્વારા સાંસ્કૃત્તિક કાર્યક્રમો થકી સૌને આકર્ષણ બન્યા હતા.

કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટરશ્રી રવિકુમાર અરોરા, જિલ્લા વિકાસ અધિકારી ક્ષિપ્રા આગ્રે, એલ્મિકોના ચેરમેનશ્રી, આગેવાન શ્રી યોગેશભાઇ પટેલ, ભરૂચ નગરપાલિકાના પ્રમુખશ્રીમતી સુરભીબેન તમાકુવાલા, પૂર્વ પ્રમુખશ્રી આર.વી.પટેલ, જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ અને મોટી સંખ્યામાં દિવ્યાંગો તથા વરિષ્ઠ નાગરિકો ઉપરાંત મોટી સંખ્યામાં જનસમૂદાય હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# દક્ષિણ ગુ.યુનિ.ના પરિસરમાં રૂ.૧૨ કરોડના ખર્ચે રમતગમત ક્ષેત્રના લગતા પ્રકલ્પોનું ઉદ્ઘાટન કરતાં મુખ્યમંત્રી



### રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લેનાર ખેલાડીઓની તાલીમ અર્થે ખેલકૂદ પ્રકલ્પો ૩૬૫ દિવસ ખુલ્લા રહેશે
### રમતગમત ક્ષેત્રે પ્રોત્સાહન આપવા માટે રાજય સરકાર કટિબધ્ધઃ મુખ્યમંત્રી

સૂરત

રાષ્ટ્રની ખેલ પ્રતિભાઓને યોગ્ય પ્લેટફોર્મ મળે તેમજ યુવાધન રમતગમત ક્ષેત્રે વિશ્વભરમાં નામના મેળવે તેવા ઉમેદા હેતુ સાથે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પરિસરમાં ૧૨ કરોડના ખર્ચે સાકારિત થયેલા ઈન્ડોર સ્વિમિંગ પુલ વિથ મલ્ટિપર્પઝ હોલ, ૪૦૦ મીટર સિન્થેટીક એથ્લેટિકસ ટ્રેક, ફુટબોલ ગ્રાઉન્ડ અને હોકી ગ્રાઉન્ડનું ઉદ્ઘાટન મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે સંપન્ન થયું હતું.

મુખ્યમંત્રીશ્રીના હસ્તે રૂા.૩.૯૧ કરોડના ખર્ચે દક્ષિણ ગુજરાતના પ્રથમ ઈન્ટરનેશનલ કક્ષાના ઈન્ડોર સ્વિમિંગ પુલનું લોકાર્પણ થયું હતું. જે યુનિવર્સિટીના તમામ વિદ્યાર્થીઓ તથા નેશનલ અને ઈન્ટરનેશનલ સ્પર્ધામાં ભાગ લેનાર ખેલ પ્રતિભાઓની તાલીમ માટે ૩૬૫ દિવસ ખુલ્લો રહેશે. ભવિષ્યમાં આ સ્વિમિંગ પૂલમાં ગરમ પાણીની સિસ્ટમ લગાડી શકાય તેવી સુવિધા ઉભી કરવામાં આવી છે.

રૂા.૪.૬૨ કરોડના ખર્ચે તૈયાર થયેલા ફુટબોલ ગ્રાઉન્ડ ઉપર ૪૦૦ મીટર લંબાઈ ધરાવતો સિન્થેટીક એથ્લેટિકસ ટ્રેક પર કુલ ૨૨ જેટલી રમતો રમાડી શકાશે. જેમાં, દોડ, હર્ડલ્સ, સ્ટ્રીપલ ચેઝ, ૪૦૦ મીટર રીલે, ૧૦,૦૦૦ મીટર રનીંગ, ૨૦,૦૦૦ મીટર દોડ, ૪૦૦ ટ ૪ રીલે, જવેલીન થ્રો, હેમર થ્રો, ડિસ્ક થ્રો, લોંગ જમ્પ, હાઈ જમ્પ, ટ્રીપલ જમ્પ, ફુટબોલ જેવી રમતનો સમાવેશ થાય છે.દક્ષિણ ગુજરાતનો આ પ્રથમ ઈન્ટરનેશનલ કક્ષાનો રનીંગ ટ્રેક પણ ખેલાડીઓની તાલીમ માટે ૩૬૫ દિવસ સગવડ માટે ઉપલબ્ધ રહેશે. જેથી ભવિષ્યમાં નેશનલ કક્ષાનો સ્પોર્ટ્સ કેમ્પ પણ રાખી શકાય. ઉપરાંત રૂ.૩.૩૮ કરોડના ખર્ચે તૈયાર થયેલ આર્ટિફિશ્યલ ટર્ફ હોકી પ્લે ફિલ્ડ ધરાવતું દક્ષિણ ગુજરાતનું પ્રથમ ઈન્ટરનેશનલ કક્ષાનું હોકી ગ્રાઉન્ડનું પણ મુખ્યમંત્રીશ્રીએ લોકાર્પણ કર્યું હતું.

# વલસાડ તાલુકા પંચાયતની સામાન્ય સભા મળી



### ૧૯-૨૦ ના વર્ષ માટે રૂા.૩.૨૩ કરોડનું અંદાજપત્ર મંજૂર કરાયું

વલસાડ

વલસાડ તાલુકા પંચાયતની સામાન્ય સભા તાલુકા પંચાયતના કોન્ફરન્સ હોલ ખાતે તા.પં. પ્રમુખ પ્રિયંકાબેન પટેલના અધ્યક્ષસ્થાને મળી હતી.

આ બેઠકમાં ૨૦૧૯-૨૦ના વર્ષનું અંદાજપત્ર રજૂ કરતાં તાલુકા પંચાયત પ્રમુખ પ્રિયંકાબેન પટેલે જણાવ્યું હતું કે, તા.પં.ના જાહેરબાધકામ અને વિકાસલક્ષી કામો માટે રૂા.૧૦ લાખ, શિક્ષણ ક્ષેત્રે ૬.૬૫ લાખ, ખેતીવાડી ક્ષેત્રે ૧૩.૬૦ લાખ, સમાજ કલ્યાણ ક્ષેત્રે ૬.૩૦ લાખ, આરોગ્ય ક્ષેત્રે ૪.૨૦ લાખ, પશુપાલન ક્ષેત્રે બાવન હજાર, ગૃહ અને નાના ઉદ્યોગો અને સહકાર ક્ષેત્ર માટે રૂા.૫૨ હજાર તેમજ કુદરતી આફતો માટે રૂા.૩.૪૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. આ ઉપરાંત રાજ્ય અને કેન્દ્ર સરકાર તરફથી મળતા અનુદાન, ધારાસભ્ય, સંસદસભ્ય, ટ્રાયબલ સબ પ્લાનમાંથી પણ વિવિધ વિકાસના કામો આવરી લેવામા આવે છે, તેમ જણાવ્યું હતું. સભામાં ગત સભાની કાર્યવાહીને બહાલી આપી સામાજિક ન્યાય સમિતિના ૩ અને કારોબારી સમિતિના ૫ સહિત તમામ ઠરાવોની અમલવારી કરવામાં આવી હતી. આ બેઠકમાં તાલુકા પંચાયત ઉપપ્રમુખ ઉમેશભાઇ પટેલ, કારોબારી અધ્યક્ષ દિવ્યેશભાઇ પટેલ, સમાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ ધનસુખભાઇ પટેલ, તાલુકા પંચાયત સદસ્યો, વલસાડ તાલુકાના ગામોના સરપંચ, ઉપ સરપંચ સહિત અમલીકરણ અધિકારીઓ હાજર રહ્યા હતા.

### ટેક્સ અધિકારીઓએ ૧૫૦૦ કરોડ રૂપિયાના નકલ બિલ પકડ્યા

# ૨૦૧૮-૧૯માં ૨૦ હજાર કરોડની જીએસટીની ચોરી થઈઃ કેન્દ્ર સરકાર

ન્યુ દિલ્હી

નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન અત્યારસુધી ભારતમાં ૨૦,૦૦૦ કરોડ રુપિયાના ગુડ્સ એન્ડ સર્વિસીઝ ટેક્સની ચોરી થઈ છે. આમાં ૧૦ હજાર કરોડ રુપિયાની રિકવરી કરી લેવામાં આવી છે. Central Board of Indirect Taxes and Customs Member ના સભ્ય જોન જોસેફે આ જાણકારી આપતા કહ્યું કે ટેક્સ અધિકારીઓએ ૧૫૦૦ કરોડ રુપિયાના નકલી બિલ પકડ્યાં છે. આ બિલોનો ઉપયોગ ૭૫ કરોડ રુપિયાના ગેરકાયદેસર જીએસટી ક્રેડિટને ક્લેમ કરવામાં માટે કરવામાં આવ્યો હતો. તેમણે જણાવ્યું કે આમાં ૨૫ કરોડ રુપિયા રિકવર કરવામાં આવ્યા છે અને બાકીના પૈસા આગામી સમયમાં થશે.

તેમણે કહ્યું કે માત્ર ૫ થી ૧૦ ટકા બિઝનેસ ખોટા હોય છે પરંતુ આનાથી આખી ઈન્ડસ્ટ્રીનું નામ ખરાબ થાય છે. તેમણે કહ્યું કે સરકાર એવા પગલા ભરી રહી છે જેનાથી એ સુનિશ્ચિત કરવામાં આવી શકે કે લોકો ઈમાનદારીથી ટેક્સ ભરી રહ્યા છે અને જે લોકો ચોરી કરે છે તેમના વિરુદ્ધ યોગ્ય કાર્યવાહી કરવામાં આવી શકે.

થોડા સમય પહેલા જ જીએસટી કાઉન્સિલે નિર્માણાધીન એપાર્ટમેન્ટ્સ પર જીએસટી દર ૧૨ ટકાથી ઘટાડીને પાંચ ટકા અને અફોર્ડેબલ હાઉસિંગ પર જીએસટી દર ૮ ટકાથી ઘટાડીને એક ટકા કરી દીધો છે. જો કે બિલ્ડર્સ ઘરોના નિર્માણમાં લાગનારા સ્ટીલ અને સીમેન્ટ જેવા ઉત્પાદનો પર આપવામાં આવેલા ટ્રેક્સ પર ક્રેડિટ ક્લેમ નહી કરી શકે. જોસેફે જણાવ્યું કે ડિપાર્ટમેન્ટ જલ્દી જ રિયલ એસ્ટેટ સેક્ટરના પ્રતિનિધિઓ સાથે મુલાકાત કરશે અને જીએસટી દરોમાં ઘટાડા બાદ જે પડકારોનો સામનો કરી રહ્યા છે તે મામલે ચર્ચા કરશે.

### ડાંગ જિલ્લા આયોજન મંડળની બેઠક

આહવા

આગામી તા.૧લી માર્ચ, ૨૦૧૯નાં રોજ ડાંગ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી રમણલાલ પાટકરના અધ્યક્ષ સ્થાને જિલ્લા સેવા સદનના સભાખંડમાં સવારે ૧૨ વાગ્યે, ડાંગ જિલ્લા આયોજન મંડળની બેઠક આયોજિત કરવામાં આવી છે. જિલ્લા આયોજન અધિકારી શ્રી ટી.કે.ડામોર તરફથી મળેલી એક અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર સને ૨૦૧૯/૨૦નાં વર્ષના આયોજન મંડળના કામોની ચર્ચા વિચારણા અર્થે યોજાનારી આ બેઠકમાં જિલ્લાના સંબંધિત અમલીકરણ અધિકારીઓ તથા સમિતિના સભ્યોને સમયસર પૂરતી વિગતો સાથે ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

# નવસારીના બુટલાવ સબસ્ટેશનનું ઊર્જામંત્રી લોકાર્પણ કરશે

નવસારી

ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ ૬૬ કે.વી. બુટલાવ સબસ્ટેશન લોકાર્પણ કાર્યક્રમ તા.૦૧/૦૩/૨૦૧૯ ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે ગ્રામ પંચાયત કચેરી અને રાધાકૃષ્ણ મંદિર પાછળ, કુંભાર ફળિયા રોડ, બુટલાવ, નવસારી ખાતે ગુજરાત રાજયના ઉર્જા મંત્રી શ્રી સૌરભભાઈ પટેલના વરદ હસ્તે યોજાશે.

આ અવસરે નવસારીના સાંસદ સી.આર.પાટીલ, ધારાસભ્ય શ્રી પિયુષભાઇ દેસાઇ, જિલ્લા પંચાયત પ્રમુખ ડૉ.અમિતાબેન પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ ચંચળબેન પટેલ તથા જિલ્લા પંચાયત ઉપપ્રમુખ મોહનભાઇ હળપતિ ઉપસ્થિત રહેશે.



*ઉધના રેલવે સ્ટેશનની નવી બિલ્ડિંગના લોકાર્પણ બાદ પ્લેટફોર્મ અને રેલવે ટ્રેકનું નિરિક્ષણ કરતા પશ્ચિમ રેલવેના જીએમ એ.કે. ગુપ્તા અને અન્ય અધિકારીઓ.*

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી માટે ગુજરાત તેમનો આત્મા અને ભારત તેમનો પરમાત્મા છે : મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી

## સૂરત ખાતે ઉત્રાણ-અમરોલીને જાડતા અટલ બ્રીજના લોકાર્પણ સાથે કુલ રૂ.૫૪૮.૬૩ કરોડના વિકાસકામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરતા મુખ્યમંત્રીશ્રી






## ઈંટનો જવાબ પત્થરથી આપવાના દેશના મિજાજને કારણે વિશ્વમાં ભારતનું માન સન્માન અને ગૌરવ વધ્યુ છેઃ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી

**દેશના વિકાસ નકશામા ગુજરાત અને ગુજરાતના વિકાસ નકશામાં સૂરતે નામ અંકિત કર્યું છે : મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી**

**સૂરત શહેર માટે નવા દસ બ્રીજ મંજૂર કરવા સાથે આગામી દિવસોમાં રૂ.૯૭૦ કરોડના ખર્ચે તાપી નદીનું શુદ્ધિકરણ કરાશે : મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી**

સુરત

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ છેલ્લા બે દિવસથી દેશવાસીઓને આનંદના સમાચારો મળી રહ્યાં છે, જેને લઈને દેશના નાગરીકોમાં અનેરો આનંદ, અને ઉમંગ જાવા મળી રહ્યા છે તેમ જણાવતા, આવતી કાલે પાડોશી દેશ પાકિસ્તાને બંધી બનાવેલા ભારતીય વાયુસેનાના પાયલોટને પણ પાકિસ્તાન મુક્ત કરશે તેમ જણાવ્યું હતું.

સૂરત ખાતે આયોજિત એક સમારોહમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આ અગાઉ આપણા દેશને તેના પાડોશીઓ દ્વારા અવારનવાર ટપલીઓ મારી રહ્યા હતા. આતંકી સંગઠનો અમાનવિય રીતે ક્રૂરતા અને બર્બતા પૂર્વક આપણા સૈનિકો, સૈનિક છાવણીઓ અને પ્રજાજનો ઉપર હુમલાઓ કરી રહ્યા હતા. આ પરિસ્થિતિઓમાંથી છપ્પનની છાતીવાળા આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતને બહાર કાઢી, વિશ્વમાં અનોખુ ગૌરવ અપાવી આપણુ માન-સન્માન વધાર્યું છે તેમ જણાવ્યું હતું.

ઈંટનો જવાબ પત્થરથી આપવાની શરૂ થયેલી આ નવી પ્રથાને કારણે ભારતને જોવાનો દુનિયાનો નજરીયો બદલાઈ ગયો છે તેમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ ભારત દેશ કોઈને છેડતો નથી, પણ જા કોઈ તેને છેડે તો છોડતો પણ નથી તેમ ભારપૂર્વક જણાવ્યું હતું.

સૂરત મહાનગર પાલિકાના કર્મચારીઓ દ્વારા પુલવામામાં શહીદ થયેલા ભારતીય સી.આર.પી.એફ.ના જવાનોના પરિવારજનો માટે અર્પણ કરાયેલી રૂ.૨૧ લાખ જેવી રાશીના માનવતાવાદી કાર્યને બિરદાવી શ્રી વિજયભાઈ રૂપાણીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી માટે ગુજરાત તેમનો આત્મા છે, જયારે ભારત તેમનો પરમાત્મા છે તેમ પણ જણાવ્યું હતું.

અગાઉની સરકારોને સવાલો કરતા મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ નર્મદા ડેમની પરવાનગી, કૂડની રોયલ્ટીની રકમ, ગુજરાતને એમ્સની ફાળવણી, રેલ્વે, એરપોર્ટ જેવી સુવિધાઓથી વંચિત રાખવાનુ પાપ કર્યું છે તેમ જણાવ્યું હતું. માત્ર પરિવારવાદની રાજનીતિ કરતી સરકારે આ દેશનું ખૂબ અહિત કર્યું છે તેમ પણ તેમણે આ વેળા જણાવ્યું હતું.

વિશ્વના નકશામાં વિકાસનું પર્યાય બનેલા ગુજરાત, અને ગુજરાતના નકશામાં વિકાસની બીજુ નામ એટલે સૂરત તેમ જણાવી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સૂરતને નવા દસ જેટલા બ્રીજ મળે તે માટે બજેટમાં વિશેષ જાગવાઈ કરવામાં આવી છે તેમ જણાવી, ખૂબ જ ઝડપથી વિકસી રહેલા સૂરતમાં આજે તેમના હસ્તે અંદાજીત રૂ.૫૫૦ કરોડથી વધુની રકમના વિકાસકામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે.

વિકાસના કામો માટે નાણાંની કોઈ કમી નથી તેમ જણાવતા મુખ્યમંત્રીશ્રીએ વિકાસના ધસમસતા પૂર સાથે રાજ્ય અને દેશમાં દસે દિશાઓમાં વિકાસ થઈ રહ્યા છે તેમ જણાવી, કતારગામ ખાતે ભારતનું સૌથી પહેલુ અદ્યતન પોલીસ સ્ટેશનનું આજે લોકાર્પણ કરાયુ છે તેમ પણ જણાવ્યું હતું.

તાપી શુદ્ધિકરણ માટે રૂ.૯૭૦ કરોડ જેવી માતબર રાશી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મંજુર કરીને સૂર્યપુત્રી તાપી નદીની પવિત્રતા સાથે અહી નિયમિત રીતે તાપી નદીનું પૂજન-અર્ચન થાય તેવા પ્રયાસો હાથ ધરાયા છે તેમ પણ આ વેળા જણાવ્યું હતું. પંચાયતથી પાર્લામેન્ટ સુધી સંપૂર્ણ પરિવર્તન સાથે આગળ વધવામાં સૌનો સાથ અને સહયોગ જરૂરી છે તેમ પણ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું.

સૂરત શહેરના વિકાસ કામોનું આયોજન, તેનું અમલિકરણ પ્રવર્તમાન રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા થઈ રહ્યાં છે ત્યારે તેના લોકાર્પણ અને ખાતમુહૂર્તના કામો પણ આ સરકાર જ કરે તેમાં કાંઈ ખોટુ નથી તેમ જણાવતા મંત્રી શ્રી કિશોરભાઈ કાનાણીએ પ્રજાલક્ષી નિર્ણયો લઈને પ્રજાજનોની મુશ્કેલીઓ/સમસ્યાઓના નિવારણ અર્થે સરકાર સંવેદનશીલતાથી આગળ વધી રહી છે તેમ જણાવ્યું હતું.

પ્રાસંગિક ઉદબોધનમાં મંત્રી શ્રી કિશોરભાઈ કાનાણીએ દેશને અદકેરૂ ગૌરવ અને સન્માન અપાવનારા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના મજબૂત હાથોમાં દેશ સલામત છે ત્યારે તેમને પૂર્ણ સહયોગ પુરો પાડવો જાઈએ તેમ પણ આ વેળા ઉમેર્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં સૂરતના મેયરશ્રી ડૉ.જગદીશ પટેલે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું.

ડાયમંડ સિટી સૂરત ખાતે પધારેલા રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે આજે સૂરત મહાનગરપાલિકા દ્વારા બી.આર.ટી.એસ. ફેઝ-૨ અંતર્ગત રેલવે કલવર્ટ નંબર-૪૫૪ ખાતે, ઉત્રાણ-અમરોલીને જાડતો અટલ બિહારી બાજપાઈ રેલ્વે ઓવર બ્રીજ (અટલ બ્રીજ)ના લોકાર્પણની સાથે, મહાનગરપાલિકાના વિવિધ ઝોન વિસ્તારોના કુલ રૂ.૫૪૮.૬૩ કરોડના ખર્ચે નવનિર્મિત થયેલા વિવિધ પ્રકલ્પોનું ડીજીટલી લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કરાયુ હતું.

અટલ બ્રીજ લોકાર્પણના કાર્યક્રમ બાદ આયોજિત સમારોહમાં સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, ડેપ્યુટી મેયર શ્રી નિરવ શાહ, સ્થાયી અધ્યક્ષ શ્રી અનિલ ગોપલાણી, શાસકપક્ષના નેતા શ્રી ગિરિજાશંકર મિશ્રા, કમિશનર શ્રી એમ.થેન્નારસન, સ્થાનિક ધારાસભ્યશ્રીઓ, વિવિધ સમિતિઓના ચેરમેનશ્રીઓ સહિત મોટી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

## આગામી ૪ માર્ચે પીએમ મોદી ૨ દિવસના ગુજરાતના પ્રવાસે

અમદાવાદ

ગુજરાતમાં હાલ લોકસભાની ચૂંટણીના પડઘમ સંભળાઈ રહ્યા છે તો બીજી બાજુ ભારત અને પાકિસ્તાન વચ્ચે વણસેલા સંબંધોના કારણે તણાવપૂર્ણ સ્થિતિ જોવા મળી રહી છે. આગામી ૪ માર્ચના રોજ પીએમ નરેન્દ્ર મોદી ૨ દિવસના ગુજરાતના પ્રવાસે છે, અને અમદાવાદ સહિત અનેક જગ્યાએ કાર્યક્રમો અને ઉદ્ઘાટનો કરવાના છે.

ત્યારે સુરક્ષા વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને ૨થી ૧૬ માર્ચ દરમિયાન શહેરમાં કોઈ પણ સભા સરઘસ કાઢી શકશે નહીં, હાલ પોલીસ કમિશ્નર દ્વારા અમદાવાદમાં ૪થી વધારે વ્યક્તિઓ ભેગા ન થવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

અમદાવાદમાં પીએમ મોદીના બે કાર્યક્રમો છે. પ્રધાનમંત્રી મોદી અમદાવાદના અડાલજ પાસે કડવા પટેલોની કુળદેવી ઉમિયા માતાનાં મંદિરનું ખાત મુહૂર્ત પણ કરશે. સાથે અમદાવાદની સિવિલ હોસ્પિટલનું ઉદ્ઘાટન કરશે, તેમજ મેટ્રો ટ્રેનના ફેઝ-૧નું પણ લોકાર્પણ પણ કરશે.

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે. ત્યાં લેઉવા પટેલની કુળદેવી અન્નપૂર્ણા માતાનાં મંદિર અને હોસ્ટેલનું લોકાર્પણ કરશે.

- કડવા પટેલોના કુળદેવી ઉમિયા માતાના મંદિરનું ખાત મુહૂર્ત કરશે

- અમદાવાદ સિવિલ હોસ્પિટલનું ઉદ્ઘાટન

- મેટ્રો ટ્રેનનું ફેઝ-૧નું લોકાર્પણ

- વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા મંદિરનું નિર્માણની જાહેરાત કરશે

- અડાલજ પાસે લેઉવા પટેલના કુળદેવી અન્નપૂર્ણ માતાનું મંદિર અને હોસ્ટેલનું લોકાર્પણ કરશે

- જામનગર અને ભાવનગરનાં ડેઝિલિટેશન પ્લાન્ટનું ખાત મુહૂર્ત કરશે

- સૌની યોજનાની પણ શરૂઆત કરાવશે પીએમ

- ખેડાના નડિયાદમાં ધરમસિંહ દેસાઈ યુનિવર્સિટીમાં ઈન્સ્ટિટ્યૂટ નું લોકાર્પણ

- દક્ષિણ ગુજરાતમા પણ પીએમ મોદીનો પ્રવાસ

— આદિવાસી વિસ્તારમાં તાપીમાં સિંચાઈ યોજનાની શરૂઆત કરાવશે

- પીએમ મોદી ગાંધીનગરમાં રાત્રી રોકાણ કરશે

- રાત્રી રોકાણ દરમિયાન મુખ્ય આગેવાનો સાથે બેઠક પણ કરી શકે છે.

- પીએમ લોકસભાની ચૂંટણી બાબતે સમીક્ષા કરી શકે છે.

## મુંબઈ,દિલ્હીમાં આતંકી હુમલાનો ખતરોઃ મેટ્રોની સુરક્ષામાં કર્યો વધારો

ન્યુ દિલ્હી

ભારતે પાકિસ્તાનામાં કરેલી એર સ્ટ્રાઈક બાદ દેશના મહાનગરોમાં એલર્ટ આપવામાં આવ્યું છે. ત્યારે રાજાધાની દિલ્હીમાં સુરક્ષા એજન્સીઓએ એલર્ટ આપ્યું છે. એલર્ટ બાદ દિલ્હી મેટ્રોની સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો છે. સુરક્ષા એજન્સીના જણાવ્યા મુજબ આતંકવાદી સંગઠન મેટ્રો પર હુમલો કરી શકે છે. ગઈ કાલે દિલ્હી પોલીસે દિલ્હીમાં રેડ એલર્ટ જાહેર કર્યુ હતું. જે બાદ રાજધાની દિલ્હીમાં સુરક્ષા વધારી દેવામાં આવી હતી. જ્યારે દિલ્હી સાથે પંજાબ અને જમ્મુ કાશ્મીરમાં પણ સુરક્ષા વધારી દેવામાં આવી છે.

## કરાચીમાં ઈમરજન્સી લાગુઃ રાત્રે લાઈટો બંધ કરાઈ,ખૈબર પખ્તૂનખ્વામાં હાઈએલર્ટ

કરાચી

ભારતીય વાયુસેના દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીથી પાકિસ્તાન રીતસરનું ફફડી ઉઠ્યું છે. ગભરાયેલા પાકિસ્તાને પ્રશાસનિક સ્તરે ઈમરજન્સી જાહેર કરી દીધી છે. કરાચી પ્રશાસને તો ગમે તે સ્થિતિ માટે તૈયાર રહેવાના આદેશ આપવામાં આવ્યા છે. તો પીઓકેના મોટા ભાગ, એલઓસી નજીક, ગિલગિટ બાલ્ટિસ્તાન, ઈસ્લામાબદના ઈસેક્ટર, લાહોર કેન્ટ વિસ્તાર, સિયાલકોટ કેંટ, કરાંચી કેંટ, પસની કોસ્ટ લાઈન અને ઓકારા કેંટ એરિયામાં બ્લેક આઉટ રાખવાના આદેશ જારી કર્યા છે. એટલે કે આ વિસ્તારમાં રાત્રે લાઈટો બંધ કરી અંધારૂ રાખવાનું કહેવામાં આવ્યું છે. આ ઉપરાંત પાકિસ્તાનમાં તમામ આંતરરાષ્ટ્રીય ફલાઈટો બંધ રાખવામાં આવી છે. પાકિસ્તાનમાં એરસ્પેશ બંધ કરવાના પણ અહેલાવ છે. તો ખૈબર પુખ્તુનખ્વાન પ્રાંતમાં પણ એલર્ટજાહેર કરી દેવામાં આવ્યું છે. ભારતની કાર્યવાહીથી ગભરાયેલા પાકિસ્તાનના લગભગ અડધા ભાગમાં બ્લેક આઉટ છે.

### પુલવામા હુમલા બાદ આતંકને ખતમ કરવા અમેરિકા,બ્રિટન,ફ્રાન્સ ભારતની પડખે

## અમેરિકા,બ્રિટેન, ફ્રાંસ દ્વારા યુએનમાં આતંકી મસૂદ અઝહરને બ્લેકલિસ્ટ કરવા પ્રસ્તાવ

યુએન

પુલવામા હુમલાનું ષડયંત્ર રચનારા પાકિસ્તાની આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ વિરૂદ્ધ ભારતની કુટનૈતિક મોર્ચે મોટી સફળતા મળતી જણાય છે. અમેરિકા, બ્રિટન અને ફ્રાંસે સંયુક્ત રાષ્ટ્ર પરિષદમાં જૈશ-એ-મોહમ્મદના સર્વેસર્વા મસૂદ અઝહરને બ્લેક લિસ્ટ કરવા એક પ્રસ્તાવ રજુ કર્યો છે.

ભારત પાકિસ્તાન વચ્ચે તણાવ ચરમ સીમા પર છે. દેશનાં વડાપ્રાધાન નરેન્દ્ર મોદીએ બુધવારે જલ, થલ અને વાયુસેનાનાં પ્રમુખો સાથે લાંબી મુલાકાત કરી. સૂત્રોનું માનીએ તો ત્રણે પ્રમુખો સાથેની મુલાકાત પછી પીએમએ તેમને કોઈપણ નિર્ણય લેવાની આઝાદી આપી છે. જ્યારે અમેરિકા, બ્રિટન અને ફ્રાંસે જૈશ એ મોહમ્મદને



બ્લેકલિસ્ટ કરવાની માંગ કરી છે. આ પ્રસ્તાવમાં સ્પષ્ટરૂપે કહેવામાં આવ્યું છે કે, જૈશે જે ભારતીય અર્ધસૈનિક બળ સીઆરપીએફના કાફલા પર હુમલો કર્યો હતો. અમેરિકા, બ્રિટન અને ફ્રાંસે બુધવારે ૧૫ સભ્યોની સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ પ્રતિબંધ સમિતિનને કહ્યું છે કે, તે મસૂદ અઝહરને વિરૂદ્ધ હથિયાર પ્રતિબંધ, વૈશ્વિક યાત્રાઓ પર પ્રતિબંધ લગાવે અને તેની તમામ સંપત્તિઓ જમ કરે. વીટો પાવરની સત્તા ધરાવતા આ ત્રણેય શક્તિશાળી દેશોએ સંયુક્ત રૂપે મળીને પાકિસ્તાન સ્થિત આતંકવાદી સમૂહ જૈશ એ મોહમ્મદને બ્લેકલિસ્ટ કરવા માટે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં પ્રસ્તાવ રજુ કર્યો છે. આપેલા પ્રસ્તાવમાં કાશ્મીરનાં પુલવામા હુમલાનો સંદર્ભ આપ્યો છે. આ પ્રસ્તાવ રજુ થયા બાદ સંયુક્ત રાષ્ટ્રમાં છેલ્લા ૧૦ વર્ષમાં ચોથી વાર આમ કરવામાં આવી રહ્યું છે જેમાં અઝહરને વૈશ્વિક આતંકવાદી જાહેર કરવાની માંગણી કરવામાં આવશે.

# સુપ્રિમ કોર્ટ દ્વારા આદિવાસીઓને જંગલ માથી કાઢવાના ચુકાદા વિરુદ્ધ આદિવાસીઓનું નર્મદા કલેકટરને આવેદનપત્ર



**આ ચુકાદાથી દેશના લાખો આદિવાસી પરિવારોને અસર થશે,સરકારે પક્ષકાર તરીકે વકિલોની નિમણુંક ન કર્યાનો પણ આક્ષેપ આદિવાસીઓએ લગાવ્યો છે. આદિવાસીઓ દ્વારા રાષ્ટ્રપતિને સંબોધીને જિલ્લા કલેકટરને આપેલા આવેદનપત્રમાં જો આ ચુકાદો રદ નહિ થાય તો આવનાર સમયમા આંદોલનની અને ૧૭મી માર્ચે ભારત બંધ,દિલ્હી કુચ કરવાની પણ ચિમકી પણ ઉચ્ચારી.**

રાજપીપળા:તાજેતરમાં જ સુપ્રીમ કોર્ટ દ્વારા દેશના ૧૬ રાજ્યોના ૧૧,૨૭,૪૪૬ આદિવાસી પરિવારોને જંગલ ખાલી કરવાનો એક આદેશ જારી કર્યો છે.તો સુપ્રીમ કોર્ટના આ આદેશના વિરોધમાં નર્મદા જિલ્લાના આદિવાસીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત થઈ ભારત દેશના રાષ્ટ્રપતિને સંબોધતુ આવેદનપત્ર નર્મદા જિલ્લા કલેકટરને સુપ્રત કર્યુ હતું. રાજપીપળા નગરપાલિાના પૂવ પ્રમુખ ભરત વસાવાની ઉપસ્થિતિમા આદિવાસીઓએ કલેકટરને આ ચુકાદો રદ કરવાની માંગ કરી હતી.અને જો રદ નહિ થાય તો ઉગ્ર આંદોલનની ચીમકી પણ ઉચ્ચારી હતી.

આદિવાસી આગેવાનોએ પોતાના આવેદનપત્રમાં જણાવ્યું હતું કે ભારત સરકારે બ્રિટિશ શાસન દરમિયાન તથા દેશની આઝાદી સમયે પમી અને ૬ઠી અનુસૂચિ ક્ષેત્રમાં વિશિષ્ટ પ્રાવધાન આપ્યું હતું.પેસા એક્ટ ૧૯૯૬,વન અધિકાર માન્યતા કાયદો ૨૦૦૬,ભૂમિ અધિગ્રહણ કાયદો ૨૦૧૩ સહિતના કાયદાઓ અને વિધાનોનું અધિનિયમ કરાયું હતું પણ અત્યાર સુધી આ કાયદાઓ લાગુ કરાયા નથી. દેશની આઝાદીના ૭૨ વર્ષ પછી સરકારે પ્રાકૃતિક સંસાધનોને જબરજસ્તી છીનવી લીધું છે.સુપ્રીમ કોર્ટ દ્વારા દેશના ૧૬ રાજયોના ૧૧,૨૭,૪૪૬ આદિવાસી પરિવારોને જંગલ ખાલી કરવાનો એક આદેશ જારી કર્યો છે એ દુર્ભાગ્ય પૂર્ણ છે .આદિવાસીઓને સાંભળ્યા વગર સુપ્રીમ કોર્ટ દ્વારા ઉતાવળે આ નિર્ણય લેવાયો છે.આ ચુકાદાથી દેશના લાખો આદિવાસી પરિવારોને અસર થશે,સરકારે પક્ષકાર તરીકે વકિલોની નિમણુંક પણ નથી કરી.જો આ ચુકાદો રદ નહિ થાય તો આવનાર સમયમા ઉગ્ર આંદોલન કરાશે તથા ૧૭મી માર્ચે ભારત બંધના એલાનને સફળ બનાવી દિલ્હી કુચ કરવાની પણ ચિમકી પણ આદિવાસીઓ ઉચ્ચારી હતી.

# રાજપીપળા નગરપાલિકામાં ફરજ બજાવતા પાયલોટ વય નિવૃત્તિના કારણે રિટાયર્ડ થતા સન્માન







રાજપીપળા : રાજપીપળા નગરપાલિકામાં છેલ્લા લઘભગ ૨૩ વર્ષથી નિયમિત રીતે ફરજ બજાવતા પાયલોટ નગીનભાઈ લલ્લુભાઈ સોલંકી આજે ગુરુવારે વય નિવૃત્તિના કારણે નિવૃત થતા પાલિકાના ચીફ ઓફિસર અમિતભાઈ પંડ્યા અને અન્ય કર્મચારીઓ દ્વારા પુષ્પગુછ આપી સન્માન કરવામાં આવ્યું હતું આ તબક્કે ફાયર વિભાગના ઈન્ચાર્જ મુકેશભાઈ સોલંકીએ જણાવ્યું કે નગીનભાઈ એક નિપુણ તરવઈયા પણ હોય પાયલોટની સાથે સાથે તેમને પૂર સમયે કે અન્ય ઈમર્જન્સી સમયે સારી સેવા આપી હતી ત્યારે આજે એ અમારા સ્ટાફ માંથી નિવૃત થતા અમને એક સારા કર્મચારીની ખોટ પડશે જયારે ચીફ ઓફિસર અમિતભાઈ પંડ્યાએ જણાવ્યું કે નગીનભાઈ સારા કર્મચારીની સાથે સાથે સારું વ્યક્તિત્વ ધરાવતા હોય આજે નિવૃત થતા તેમનું સ્વાસ્થ્ય તંદુરસ્ત રહે તેવી અમારા સૌ વતી પ્રાર્થના કરીએ છીએ .

# ઈંદીરાનગર ઝુપડપટ્ટી માંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડતી ભરૂચ એલ.સી.બી.



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક તરફથી જિલ્લામાં દારૂ - જુગાર સદંતરપણે નાબુદ કરવા સુચના આપેલ હોય જે અનુસંધાને ભરૂચ એલ.સી.બી.ના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર જે.એન.ઝાલાના માર્ગદર્શન મુજબ જીલ્લામાં અલગ અલગ ટીમોની રચના કરવામાં આવેલ જેમા પો.સ.ઈ.એ.એસ.ચૌહાણ તથા ટીમનાં માણસો ભરુચ શહેર એ ડીવીઝન પો.સ્ટે વિસ્તારમા ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન આ.પો.કો.મહીપાલસિંહ રાજેન્દ્રસિંહની ચોક્કસ બાતમી આધારે ઈંદીરાનગર ઝુપડપટ્ટીમા રેઈડ કરતા એક ઈસમને ભારતીય બનાવટના વિદેશી દારુના જથ્થા સાથે પકડી પાડેલ છે.

આરોપીનુ નામ -: નાશીર ઉર્ફે પપ્પુ અલ્લાહબક્ષ શેખ રહે.મોફેસર જીન કંપાઉંડ ઈંદીરાનગર ઝૂપડપટ્ટી પાછળ તા.જી.ભરુચ

**કબ્જે કરેલ મુદ્દામાલ :-** ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂના મુદ્દામાલની નાની મોટી તથા ટીન કુલ નંગ.-૨૮૫ ની કી.રૂ. ૩૪,૫૦૦/- તથા અંગઝડતી ના રોકડા રૂપીયા ૧૦,૦૦ તથા એક મોબાઈલ નંગ-૬ જેની કી.રૂ.૫૦૦/- ગણી કુલ કી.રૂ. ૪૫,૦૦૦/-નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ છે

# આતંકીઓને સાફ કરવાનું સ્વચ્છતા અભિયાન ચાલી રહ્યું છે : સીએમ રૂપાણી

ગાંધીનગર

ભારતન અને પાકિસ્તાન વચ્ચે હાલ તણાવની સ્થિતિ વધી રહી છે. જેના કારણે આખા દેશમાં અજંપાનું વાતાવરણ વ્યાપી ગયું છે. સીએમ વિજય રૂપાણીએ આ અંગે નિવેદન આપ્યું હતું. જેમાં તેમણે કહ્યું કે 'હાલ સફાઇ અભિયાન ચાલી રહ્યું છે.'

સીએમએ આગળ જણાવતાં કહ્યું કે, 'આતંકીઓને સાફ કરવામાં આવી રહ્યાં છે. હાલ આ સ્વચ્છતા અભિયાન ચાલી રહ્યું છે. આપણે એક મહાસત્તાની જેમ સ્વાભિમાન પૂર્વક જવાબ આપી રહ્યાં છે. '

તેમણે કોંગ્રેસનું નામ લીધા વગર પ્રહારો કરતાં કહ્યું કે, 'કેટલાક લોકો મત બેંકની રાજનીતિ કરતા હતાં. તેઓ લોકોને વોટનું મશીન સમજતા હતાં. '

સીએમએ થોડા દિવસ પહેલા કુંભમાં પીએમએ સફાઇ અભિયાનને યાદ કરતા કહ્યું કે, 'દેશના ઈતિહાસમાં પ્રથમ વખત કોઈ પીએમએ સફાઈ કામદારના પગ ધોયા છે. તેમનું સન્માન કર્યું છે. આ ઐતિહાસિક ઘટના હતી.'

બજેટ અંગે જણાવતા કહ્યું કે, 'પહેલા કોર્પોરેટરોને ધ્યાનમાં રાખીને બજેટ બનાવવામાં આવતું હતું પરંતુ હવે છેવાડાનાં માનવીને ધ્યાનમાં રાખીને બજેટ બનાવવામાં આવે છે.' રામ મંદિર અંગે બોલતા જણાવ્યું કે, 'અમે અયોધ્યામાં રામ મંદિર બનાવીશું. કોંગ્રેસને રામ મંદિર આડે જેટલા રોડા નાખવા હોય તેટલા નાખે રામ મંદિર બનીને રહેશે.

# પાક.ની નાપાક હરકતઃ યુદ્ધ વિમાનોએ પૂંછમાં ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો

ન્યુ દિલ્હી

રત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ જેવો માહોલ છે. બંને દેશો રીતસરના સામ સામે છે. આ સ્થિતિમાં પણ પાકિસ્તાન તેના અટકચાળા કરવાનું બંધ નથી કરતું. ગઈ કાલે ભારતે એક F-16 તોડી પાડ્યું હોવા છતાંયે આજે બીજા દિવસે પણ પાકિસ્તાની યુદ્ધ વિમાનોએ ફરી એકવાર ભારતીય વાયુ સરહદમાં ઘુસવાનું દુસ્સાહસ કર્યું છે.

પાકિસ્તાનના યુદ્ધ વિમાનોએ આજે સતત બીજા દિવસે LoC નજીક જમ્મૂ-કાશ્મીરના પુંછના મેંદરમાં ઘુસણખોરીનો પ્રયાસ કર્યો હતો. જોકે ભારતીય વાયુસેનાએ સક્રિયતા દાખવતા તેની પાછા ખદેડી મુક્યાં હતાં. આ જેટની સંખ્યા ૨ હોવાનું કહેવાય છે.

મંગળવારે મોડી રાત્રે ભારતે કરેલી કાર્યવાહી બાદ બુધવારે પાકિસ્તાની એરફોર્સે ભારતીય સૈન્ય ચોકીઓને નિશાન બનાવતા ભારતની સરહદમાં ઘૂસણખોરી કરી હતી. પાકિસ્તાને તેના ૩ યુદ્ધ વિમાનો ભારતીય સરહદમાં મોકલ્યા હતા. જેમાં તેના એક ક્યૂ-૧૬ને તોડી પાડવામાં આવ્યું હતું. ભારતીય એરફોર્સ તરફથી જમ્મુ-કાશ્મીરના રાજૌરીમાં પાકિસ્તાનનું એક ક્યૂ-૧૬ લડાકૂ વિમાન તોડી પાડ્યું હતું. જેનો જવાબ આપતા ભારતીય યુદ્ધ વિમાન પણ ક્ષતીગ્રસ્ત બન્યું હતું. અને ભારતનો એક પાયલટ પાકિસ્તાનના કબજામાં છે. આ વિવાદ હજી ઉકેલાયો પણ નથી ત્યાં પાકિસ્તાને વધુ એક ઉશ્કેરણીજનક હરકત કરી હોવાનું સામે આવ્યું છે. અહેવાલ અનુસાર પાકિસ્તાનના યુદ્ધ વિમાનોને કૃષ્ણા ઘાટીમાં પડતા જમ્મૂના પૂંછ સેક્ટરમાં ઘુસણખોરીનો પ્રયાસ કર્યો હતો. પરંતુ ભારતીય વાયુસેનાએ તેને તુરંત જ પાછા ધકેલી દીધા હતાં. જોકે હજી સુધી આ બાબતની સતાવાર જાણકારી આપવામાં આવી નથી.

**સરકારે વિમાની પ્રવાસીઓ માટે અધિકારો નિર્ધારિત કરવામાં આવ્યા**

# હવે જો ફ્લાઈટ મોડી પડશે કે રદ થશે તો પ્રવાસીને વળતર મળશે

ન્યુ દિલ્હી

ફ્લાઇટ હવે જો લેટ હશે, કેન્સલ થશે અથવા તો એરલાઇન્સ દ્વારા બોર્ડિંગ માટે મંજૂરી આપવામાં નહીં આવે તો વિમાની પ્રવાસીઓ વળતર માટે દાવો કરી શકશે. સરકાર દ્વારા જારી કરવામાં આવેલ પેસેન્જર ચાર્ટરમાં વિમાની પ્રવાસીઓ માટે અધિકારો નિર્ધારિત કરવામાં આવ્યા છે.

ઉડ્ડયન મંત્રાલયના એક ટોચના અધિકારીએ જણાવ્યું હતું કે તેને લાગુ કરવા માટે ડાયરેકટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (ડીજીસીએ)ને નિયમોમાં જરૂરી ફેરફાર કરવા જણાવાયું છે. નવા નિયમો અનુસાર જો ફ્લાઇટના ઓવર બુકિંગને કારણે એરલાઇન પ્રવાસીને બોર્ડિંગ કરવા દેવા માટે ઇંકાર કરશે અને તેને જો કોઈ અન્ય ફ્લાઇટની ઓફર કરવામાં નહીં આવે તો પ્રવાસી રૂ.૨૦,૦૦૦ સુધીના વળતર માટે દાવો કરી શકશે.

જે ફ્લાઇટમાં બોર્ડિંગ માટે મંજૂરી આપવામાં આવી ન હોય તો તેને એક કલાકની અંદર ઉપડતી વૈકલ્પિક ફ્લાઇટમાં ઓફર કરવી પડશે. જો ફ્લાઇટ રદ થવા અંગે પ્રવાસીને આગોતરી જાણ કરવામાં નહીં આવી હોય તો પણ પ્રવાસી વળતર માટે દાવો કરી શકશે. છેલ્લી ઘડીએ ફ્લાઇટ રદ થવા પર પ્રવાસી રૂ.૧૦,૦૦૦ સુધીનું વળતર અથવા વિમાન ભાડાની પૂરેપૂરી રકમ બેમાંથી જે ઓછી હોય તે મેળવવા હકદાર બનશે.

પ્રવાસીને ટિકિટ બુક કરાવ્યાને ૨૪ કલાકની અંદર નામ અને અન્ય વિગતોમાં ફેરફાર કરવા માટેની મંજૂરી મળશે. બેગેજ ગૂમ થવા પર અને કાર્ગોના નુકસાનના મામલામાં પ્રવાસીને રૂ.૨૦,૦૦૦ સુધીનું વળતર મળી શકે છે.

# હાઈએલર્ટઃ દરેક પોલીસ સ્ટેશનમાં બે હથિયારધારી ગાર્ડ તૈનાત

અમદાવાદ

ભારત-પાકિસ્તાન વચ્ચે તંગ વાતાવરણને પગલે દેશમાં એલર્ટની સ્થિતિ છે, ખાસ કરીને બોર્ડર વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થા સઘન કરવામાં આવી છે, તો પાકિસ્તાનની નજીક આવેલા ગુજરાતમાં હાઇ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે અને ચૂસ્ત બંદોબસ્ત અને ચેકિંગ ચાલી રહ્યું છે. તકેદારીના ભાગ રૂપે અમદાવાદમાં દરેક પોલીસ સ્ટેશનમાં બે હથિયારધારી ગાર્ડ રાખવાની સૂચના જાહેર કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગત પ્રમાણે ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધની સ્થિતિ વચ્ચે ગુજરાતમાં હાઇએલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જેના ભાગ રૂપે અમદાવાદ પોલીસે એક્શન પ્લાન તૈયાર કર્યો છે, આ પ્લાન અંતર્ગત દરેક પોલીસ સ્ટેશનમાં હથિયારધારી ગાર્ડ રાખવામાં આવ્યા છે. જેમાં પોલીસ સ્ટેશન પર કોઇ સંકટ આવે તો આ ગાર્ડની મદદ લેવાનો હેતું હોવાનું જણાવવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન સાંસદ પ્રભુભાઇ વસાવાએ રાજય અને કેન્દ્ર સરકારની અનેકવિધ કલ્યાણકારી યોજનાઓની વિગતે છણાવટ કરી આરોગ્ય મેળાના આયોજનનો ઉદેશ સ્પષ્ટ કરી વિવિધ આરોગ્યલક્ષી યોજનાઓનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

આ આરોગ્ય મેળામાં સ્ત્રી રોગ, બાળરોગ, ફિઝીશિયન, ચામડીના રોગ, આંખના રોગ, નાક-કાન, ગળાના રોગના નિષ્ણાંત, દાંતના રોગ, માનસિક રોગોના નિષ્ણાંત તજજ્ઞો દ્વારા તપાસ કરવામાં આવી હતી. આ ઉપરાંત વિનામૂલ્યે લેબોરેટરી ટેસ્ટ કરી દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આરોગ્ય મેળાના આ કાર્યક્રમ દરમિયાન આરોગ્યલક્ષી વિવિધ સરકારી કાર્યક્રમો અને યોજનાઓ જેવી કે, પીસી એન્ડ પી.એન.ડી.ટી, સીકલસેલ એનિમીયા, ટોબેકો કંટ્રોલ, ટી .બી.નિર્મૂલન , એન.એસ.ડી, ૧૦૮ જીવીકે, આઇ .સી.ડી.એસવિભાગ દ્વારા કૂપોષણ નિવારણ, લેપ્રસી, મા-અમૃતમ અને મા-વાત્સલ્યયોજના, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, દિકરી યોજના, ચિરંજીવી યોજના, બાળ સખા યોજના, જનની સુરક્ષા યોજના, કુંટુંબ કલ્યાણ યોજના, શાળા આરોગ્ય કાર્યક્રમ, મમતા તરૂણી યોજના, કસ્તુરબા પોષણ સહાય યોજના, જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ જેવી યોજનાઓની સમજ આપતી પ્રદર્શની પણ યોજવામાં આવી હતી. આયુર્વેદ શાખા જિલ્લા પંચાયત, તાપી દ્વારા ઉકાળાનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. હર્ષદભાઇ પટેલ, અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. આર.એ. રંગુનવાલા અને એમની ટીમે જહેમત ઉઠાવી હતી.

# ડોલવણમાં હેલ્થ મેળો : મફત લોબેરેટરી ટેસ્ટ કરી દવાનું વિતરણ

**વિવિધ આરોગ્યલક્ષી યોજનાઓનો લાભ લેવા અનુરોધ**

વ્યારા

કેન્દ્ર સરકાર દ્વારા દેશના તમામ સંસદીય મતવિસ્તારમાં આરોગ્ય મેળા યોજવાનું નકકી કર્યું છે. જેના અનુસંધાનમાં તાપી જિલ્લાના ડોલવણ તાલુકાના કરંજખેડ ગામે ૨૩-બારડોલી સંસદીય વિસ્તારનો સાંસદ હેલ્થ મેલાનું આયોજન સાંસદ પ્રભુભાઇ વસાવાની અધ્યક્ષતામાં કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન સાંસદ પ્રભુભાઇ વસાવાએ રાજય અને કેન્દ્ર સરકારની અનેકવિધ કલ્યાણકારી યોજનાઓની વિગતે છણાવટ કરી આરોગ્ય મેળાના આયોજનનો ઉદેશ સ્પષ્ટ કરી વિવિધ આરોગ્યલક્ષી યોજનાઓનો લાભ લેવા અનુરોધ કર્યો હતો.

આ આરોગ્ય મેળામાં સ્ત્રી રોગ, બાળરોગ, ફિઝીશિયન, ચામડીના રોગ, આંખના રોગ, નાક-કાન, ગળાના રોગના નિષ્ણાંત, દાંતના રોગ, માનસિક રોગોના નિષ્ણાંત તજજ્ઞો દ્વારા તપાસ કરવામાં આવી હતી. આ ઉપરાંત વિનામૂલ્યે લેબોરેટરી ટેસ્ટ કરી દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આરોગ્ય મેળાના આ કાર્યક્રમ દરમિયાન આરોગ્યલક્ષી વિવિધ સરકારી કાર્યક્રમો અને યોજનાઓ જેવી કે, પીસી એન્ડ પી.એન.ડી.ટી, સીકલસેલ એનિમીયા, ટોબેકો કંટ્રોલ, ટી .બી.નિર્મૂલન , એન.એસ.ડી, ૧૦૮ જીવીકે, આઇ .સી.ડી.એસવિભાગ દ્વારા કૂપોષણ નિવારણ, લેપ્રસી, મા-અમૃતમ અને મા-વાત્સલ્યયોજના, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, દિકરી યોજના, ચિરંજીવી યોજના, બાળ સખા યોજના, જનની સુરક્ષા યોજના, કુંટુંબ કલ્યાણ યોજના, શાળા આરોગ્ય કાર્યક્રમ, મમતા તરૂણી યોજના, કસ્તુરબા પોષણ સહાય યોજના, જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ જેવી યોજનાઓની સમજ આપતી પ્રદર્શની પણ યોજવામાં આવી હતી. આયુર્વેદ શાખા જિલ્લા પંચાયત, તાપી દ્વારા ઉકાળાનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. હર્ષદભાઇ પટેલ, અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. આર.એ. રંગુનવાલા અને એમની ટીમે જહેમત ઉઠાવી હતી.

# ભારતને છંછેડનારા તત્વો માટે ભારતમાતા ખરા અર્થમાં ‘મા દુર્ગા’ બની છેઃ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી

## સુરતમાં પુલવામાના શહીદોના પરિવારજનોની સહાય માટે દાનનો ધોધ વરસ્યોઃ શહીદો માટે સુરતવાસીઓની રૂ.૧.૫૦ કરોડની મદદ





## મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં સુરત ખાતે પુલવામાના વીર શહીદોને અપાઈ વિરાંજલિ

## ‘ભારત કે વીર-એક શામ શહીદો કે નામ’ માં ઉપસ્થિત અભિનેતા અક્ષયકુમારે સુરતવાસીઓની દેશભક્તિને વધાવીઃ શહીદ જવાનોના પરિવારોની સહાયતાર્થે ‘ભારત કે વીર-એક શામ શહીદો કે નામ’ કાર્યક્રમ યોજાયો

સુરત

કાશ્મીરના પુલવામા ખાતે પાકિસ્તાન પ્રેરિત આતંકવાદીઓ દ્વારા કરાયેલા કાયરતાપુર્ણ હૂમલામાં શહીદી વહોરનારા સી.આર.પી.એફ.ના જવાનોને શ્રદ્ધાંજલિ આપવા માટે વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને બોલીવુડ અભિનેતા અક્ષયકુમારની ઉપસ્થિતિમાં ‘ભારત કે વીર-એક શામ શહીદો કે નામ’ કાર્યક્રમ યોજાયો હતો. પુલવામા આતંકી હુમલામાં શહીદોના પરિવારની પડખે આખો દેશ ઉભો છે એ વાતનો ભરોસો આપવા અને શહીદ જવાનોના પરિવારની આર્થિક સહાયતાર્થે આયોજિત આ કાર્યક્રમમાં પુલવામાના શહીદોના પરિવારજનોની સહાય માટે દાનનો ધોધ વરસ્યો હતો. શહીદોના બલિદાન-સમર્પણને યાદ કરી સુરતવાસીઓએ રૂ.૧.૫૦ કરોડની માતબર મદદ દ્વારા ભાવપૂર્ણ વિરાંજલિ અર્પણ કરી હતી. કાર્યક્રમમાં વીરરસ અને દેશપ્રેમભર્યા ગીત સંગીતથી દેશભક્તિસભર માહોલ સર્જાયો હતો.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, માતૃભૂમિની રક્ષા કાજે વીર જવાનો વિકટ પરિસ્થિતીમા પણ સીમા પર અડગ રહીને ફરજ બજાવતાં પ્રાણની આહૂતિ પણ આપી દે છે, ત્યારે એક જવાબદાર દેશવાસી તરીકે આપણી સૌની ફરજ બને છે કે સૈનિકોના પરિવારની સાથે ખભે ખભા મિલાવી ઊભા રહીએ.

તેમણે ‘હમ રહે ના રહે, માં તેરા વૈભવ અમર રહે’ સુત્રને આત્મસાત કરી ભારતનો વૈભવ ઉચ્ચ શિખરે બિરાજે એ માટે દેશ એકજૂટ થાય એમ જણાવતાં તેમણે કહ્યું કે, મિગ વિમાન ક્રેશ થવાથી પાકિસ્તાનમાં કબજામાં રહેલા ભારતીય વાયુસેનાના વિંગ કમાન્ડર શ્રી અભિનંદન વર્ધમાન આવતીકાલે મુક્ત થશે એ સમાચાર સૌ દેશવાસીઓને ભાવવિભોર બનાવ્યા છે. નામુમકીનને મુમકીન કરનાર નરેન્દ્રભાઈ મોદી જ આતંકીઓનો ખાત્મો કરી શકે છે એવી દેશવાસીઓની ભાવનાને નવું બળ મળ્યું છે. ભારતને છંછેડનારા તત્વો માટે ભારતમાતા ખરા અર્થમાં ‘મા દુર્ગા’ બની છે એમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ વીર જવાનોના બલિદાનને યાદ કરતાં કહ્યું કે, પુલવામામાં થયેલા માનવતાવિહોણા આતંકી હુમલાથી દેશ આક્રોશિત છે. દેશવાસીઓના આક્રોશને યોગ્ય રીતે સમજતા ભારત સરકારે આતંકીઓના મનસૂબા પાર ન પડે તે માટે એર સ્ટ્રાઈક કરી પુલવામા હુમલાના ગુનેગાર આતંકીઓના કેમ્પોનો ખાત્મો બોલાવી જડબાતોડ જવાબ આપ્યો છે અને શહીદ જવાનોને સાચી શ્રદ્ધાંજલિ આપી છે. શહીદોની શહાદત એળે ન જાય એ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઈંટનો જવાબ પથ્થરથી આપતા આતંકીઓના ઘરમાં ઘૂસી ૩૫૦ થી વધુ આતંકીઓનો ખાત્મો કરી શહીદોના




લોહીના એક એક ટીપાનો બદલો લીધો છે એમ તેમણે ગર્વભેર જણાવ્યું હતું. ‘ભારત કે વીર-એક શામ શહીદો કે નામ’માં ખાસ ઉપસ્થિત અભિનેતા અક્ષયકુમારે સુરતવાસીઓની દેશભક્તિને વધાવી હતી. તેમણે કહ્યું કે, ગુજરાત સાથે તેમનો ખૂબ જૂનો નાતો છે. પોતાની પત્ની ટ્વિન્કલ પણ ગુજરાતી છે. તેમણે મોટી સંખ્યામાં ઉપસ્થિત સુરતવાસીઓનો શહીદોને આર્થિક સહાય કરવા બદલ આભાર માનતા ઉમેર્યું કે, શહીદોને મદદ કરીએ છીએ, ત્યારે આપણે પૈસા નહી, પણ તેમના પ્રત્યે પ્રેમ અને આદર આપીએ છીએ. દરેક દેશવાસી શહીદોના પરિવારજન બને એવી તેમણે અપીલ કરી હતી. નોંધનીય છે કે, સુરત મહાનગરપાલિકાના કોર્પોરેટરો-પદાધિકારીઓ શહીદો માટે એક મહિનાનો પગાર આપશે. પીપલોદની એસ.વી.એન.આઈ.ટી. કોલેજે વાર્ષિક સમારોહ રદ કરી પુલવામાના શહીદો માટે રૂ.૨૦ લાખ અર્પણ કર્યા હતા. આ પ્રેરણાદાયી પહેલને સૌએ સરાહના કરી હતી. આ વેળાએ કાશ્મીરના પુલવામામાં આતંકી હુમલામાં શહીદ થયેલા વીર જવાનોના બલિદાનનું સ્મરણ કરી બે મિનીટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી હતી. આ પ્રસંગે આરોગ્ય રાજ્યમંત્રીશ્રી કિશોરભાઈ કાનાણી, સાંસદશ્રી સી.આર.પાટીલ, દર્શનાબેન જરદોશ, મેયર ડો. જગદીશ પટેલ, જિલ્લા કલેકટર ડો.ધવલ પટેલ, ધારાસભ્ય સર્વશ્રી હર્ષ સંઘવી, પૂર્ણેશ મોદી, વિનુભાઈ મોરડિયા, વી.ડી.ઝાલાવાડિયા, સંગીતા પાટીલ, ઝંખના પટેલ, સંગઠન પ્રમુખ નીતિનભાઈ ભજીયાવાલા સહિત મોટી સંખ્યામાં યુવાઓ, બાળકો, શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

MARKET 4U™
સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે
MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)
7575006847 Whats-App
7575006848 Time
7575006850 10 am to 5 pm

## ગરુડેશ્વરના અકતેશ્વર બાયપાસ પર સુતેલી બાળકી પર વાહન ચઢી જતા મોત બાદ વાહન ચાલાક ફરાર

**અસ્થિર મગજની ૧૫ વર્ષીય બાળકી બાયપાસ પાસે સુતેલી ત્યાં કોઈ અજાણ્યા વાહન ચાલકે વ્હીલ ચઢાવી દેતા બાળકીનું કમકમાટીભર્યું મોત**




રાજપીપળા : ગરુડેશ્વર તાલુકાના ભાદરવદેવ ખાતે રહેતા નટવરભાઈ કાનજીભાઈ તડવીએ આપેલી ફરિયાદ મુજબ ગત તારીખ ૨૬ ફેબ્રુઆરીની રાત્રે તેમની દીકરીની દીકરી (પૌત્રી ) અલ્પીતા કે જે અસ્થિર મગજની હોય અકતેશ્વર બાયપાસ પાસે આવેલ ક્રિષ્ણા હોટેલ નજીક સુતી હતી ત્યારે રાત્રીના ૧૧/૪૫ વાગે કોઈ અજાણ્યા વાહન ચાલકે એક્સીડટ કરી અલ્પીતા પર ગાડીનું વ્હીલ ચડાવી એક્સીડટ કરી ગંભીર ઈજા પોહ્ચાડતા સ્થળ ઉપર મોત નિપજાવ્યું હતું ત્યારબાદ આ અજાણ્યો વાહન ચાલાક ત્યાંથી નાશી ગયો હોય અલ્પીતાના દાદાએ ગરુડેશ્વર પોલીસમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી વાહન ચાલકની શોધખોળ માટે ચક્કો ગતિમાન કર્યા છે.

CONNECTINDIANS MARKET4U
ખુશખબર... ખુશખબર... ખુશખબર...
શું આપ બેરોજગાર છો ?
શું આપ નોકરી બદલવા માગો છો ?
શું આપના લગ્ન બાકી છે ?
તો આપને માટે MARKET4U લાવ્યું છે એક નવું
ઓનલાઇન જોબ/ મેરેજ પ્લેટફોર્મ
માત્ર રૂપિયા ૫૫૦/-
www.connectindians.in માં આપનું રજીસ્ટ્રેશન કરાવો અને ૫ વર્ષ સુધી ફ્રી વેબસાઈટ વાપરો.
જો વધુ કમાવુ હોય તો અન્ય મિત્રોને સમજાવી આપની સાથે જોડો અને વધારાના હજારો કમાઓ.
7575006847

MARKET 4U™
આપની જાહેરાત (Advertisement) અમારા (Market4u)ના વેબ પોર્ટલ પર મૂકાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/- માં ત્રણ વર્ષ સુધી
સાથે વાપરો લગ્ન અને જોબના પોર્ટલ પણ ત્રણ વર્ષ તદ્દન ફ્રી
ગીફ્ટમાં મેળવો વાહન ટ્રેકિંગ સિસ્ટમ (GPS) મફત. (એક વર્ષ સુધી)
ઉપરાંત અન્યને જોડી ૧૨ લેવલનું એમએલએમ જોઇનીંગ ફ્રી કરી અઢળક કમાઓ.
ધનંજય ઝવેરી વિગત જાણવા તાત્કાલિક સંપર્ક કરો
Mo. 7575006847